'ઝાડનાં પારખાં ફળ પરથી' શ્રેણી : ૮

# માલપરાની વિદ્યાવાડી – ૧

લેખક : દુલેરાય માટલિયા



લોકભારતી પ્રકાશન : સણોસરા

## ઝાડનાં પારખાં ફળ પરથી : શ્રેણી : ૮

# માલપરાની વિદ્યાવાડી - ૧



## લેખક : દુલેરાય માટલિયા


### લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

પ્રકાશક : નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩ / ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬



સંકલન : જુગલકિશોર

૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.

ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com

# અનુક્રમ

ઉપહાર....4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !....5

નાનાભાઈ-મનુભાઈનો પ્રથમ પરિચય....7

ગ્રામદક્ષિણામૂર્તિની શિબિરો અને વિવિધ તાલીમવર્ગોમાં તાલીમ....9

ગ્રામદક્ષિણામૂર્તિનાં પાંચ વર્ષમાં શું મળ્યું –....12

માલપરાના કામના મૂળમાં ગ્રામદક્ષિણામૂર્તિ....16

લોકસ્વીકૃતિ અનુસાર કાર્ય....18

સમગ્ર પ્રવૃત્તિનું સિંહાવલોકન....21

વાત્સલ્યધામ લોકશાળાનો પ્રારંભ....27

વિદ્યાવિસ્તાર પ્રવૃત્તિ....29

સંસ્કારી શ્રમજીવી નેતાગીરી....32

અહિંસક પ્રતિકારનો અનેરો પ્રયોગ....35

ગ્રામ સ્વરાજ્યની પાત્રતા કેળવીએ....36

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્‌ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ,

એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા**ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટેકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'*** ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) **તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## નાનાભાઈ–મનુભાઈનો પ્રથમ પરિચય

નાનાભાઈનો પરિચય '૩૯માં થયો. છગનભાઈ જોષી એમને ઘેર આવેલા. એમને મળવા ગયો. એટલે છગનભાઈએ મારો પરિચય આપ્યો. કહ્યું કે દુલેરાય માટલિયા જામનગર રાજ્યના બાલંભાના વતની છે; તેઓ હરિજનસેવાના કામમાં રસ લે છે. નાનાભાઈએ મને પૂછયું, ''અત્યારે ભાવનગરમાં શું કરો છો ?'' મેં કહ્યું, ''ઇન્ટર આટ્ર્સમાં અભ્યાસ કરું છું.'' વળી પૂછયું : ''મૅટ્રિક ક્યાં પાસ થયા ?'' ''મોરબી વી. સી. હાઈસ્કૂલમાં.'' ''ઠીક ! પ્રાથમિક શિક્ષણ ક્યાં લીધું ?'' ''બાલંભામાં.'' ''અત્યારે તમને કેટલાં વર્ષ થયાં ?'' ''તા. ૧૮-૧૦-૧૮માં મારો જન્મ એટલે એકવીસમું ચાલે છે.'' ''પિતાશ્રી શું કરે છે ?'' ''મોરબીમાં કાપડની દુકાન ચલાવે છે.'' એટલે કહે કે ''તમને હરિજનસેવામાં રસ છે ?'' કહ્યું, ''હા, કૉલેજ પાસે હરિજનોની ઝૂંપડપટ્ટી છે. એને ભણાવવામાં અને વ્યસનમુક્ત કરાવવામાં રસ પડે છે. અમે બે-ત્રણ મિત્રો એમને અક્ષરજ્ઞાન આપવા જઈએ છીએ. ગીતો પણ ગવડાવીએ છીએ. વાર્તાઓ પણ કહીએ છીએ.'' એટલે એમણે ટૂંકેથી પતાવ્યું : ''બહુ સારું. સંપર્ક રાખતા રહેજો.''

૧૯૪૦ના એપ્રિલમાં હું ફરી વાર તેમને મળવા ગયો. તેમણે જાણ્યું કે હરિજનોને ભણાવવાનું મેં એક વર્ષ સુધી ચાલુ રાખ્યું છે. તેથી તેઓ રાજી થયા. મારા શરીરની નબળી હાલત જોઈ એમણે મને એક માસ ચલાળા રહેવાની સલાહ આપી. અને નાગરભાઈ પર ચિઠ્ઠી લખી આપી. ચલાળા મારા માટે યાત્રાધામ બન્યું. જૈનધર્મ પ્રત્યે મારી આસ્થા હતી. પૂ. કાનજી સ્વામીના જીવનમાં જે સહજતાથી વ્રતો વણાઈ ગયાં હતાં, સાદું, સંયમી અને પરિશ્રમી જીવન સ્વાભાવિકતાથી તેઓ જીવતા હતા તેણે મને નવી દૃષ્ટિ આપી. સરળતા, સ્નેહ અને સંયમનો આવો સહજ સંયોગ મેં પહેલી વાર જોયો. અને ગાંધીજીના આદર્શમાં મહાવીરની મૂર્તિમંત શિક્ષાનાં મને દર્શન થયાં. ચલાળામાં હું કાંતણ શીખ્યો તેના કરતાંયે વિશેષ તો ગાંધીજીવનને જીવતાં –જાણતાં શીખ્યો. એ પછી નાનાભાઈએ મને ઘોઘાના સ્વામીરાવના વ્યાયામના વર્ગમાં મોકલ્યો. તે પછી હું સંતબાલજી મોરબી પધાર્યા હતા એટલે એમને મળવા ગયો. ચલાળાના સાદગીભર્યા જીવને સંતબાલને સમજવામાં સહાય કરી. એટલે ત્યારથી તેઓ મારા કૌટુંબિક અને અંગત જીવનના માર્ગદર્શક બની રહ્યા. આમ નાનાભાઈના અલ્પ પરિચયે મને નાગરભાઈ જેવા સાધુચરિત સેવક અને સંતબાલ જેવા સાધુનો સત્સંગ પચાવવાની પાત્રતા અર્પી.

## મનુભાઈનું મિલન અને આમંત્રણ

ભાવનગરમાં કાઠિયાવાડ રાજકીય પરિષદના અગ્રણીઓની મિટિંગ હતી. બ્રિટિશ સરકાર ભારતને યુદ્ધમાં જોતરે છે એટલે આપણે કેવું વલણ લેવું તેની ચર્ચા થઈ રહી હતી. ઢેબરભાઈ અને બળવંતભાઈના સાન્નિધ્યમાં  આ સભા મળી હતી. એમાં મનુભાઈએ પોતાની વ્યાપક દૃષ્ટિ અને આગવા ચિંતનવાળી રજૂઆત કરી. આ રજૂઆતે મને આકર્ષ્યો. આ અવસરે ગાંધીસાહિત્ય તરફ પ્રેરનાર અને વાત્સલ્યમય હૂંફ આપનાર શ્રી વજુભાઈ શાહે પરસ્પરનો પરિચય કરાવ્યો. મનુભાઈએ મને વિદ્યાર્થી ગ્રીષ્મ શિબિરમાં આંબલા આવવા આમંત્રણ આપ્યું અને બે-ચાર વિદ્યાર્થીને લઈને હું શિબિરમાં પહોંચી ગયો.

## ગ્રામદક્ષિણામૂર્તિની શિબિરો અને વિવિધ તાલીમવર્ગોમાં તાલીમ

૧૯૪૨ના મે મહિનામાં અમે વિદ્યાર્થી શિબિર યોજી. અનિલ શાહ, રતિલાલ અંધારિયા, સુબોધ પંડિત, રસિક પાઠક જેવા મિત્રોની સોબત મળી. નાનાભાઈને નજીકથી જાણ્યા. તેમની અધ્યાત્મ ઉપાસના અને સમાજસેવાની શિક્ષણમાં અનુબંધ કરનારી લોકશાળાની પ્રત્યક્ષ તાલીમ જોઈ. મનુભાઈ સાથે ગાંધીજી અને સમાજવાદ અંગે વાતો થઈ. એમણે અને વિજ્યાબહેને મારું હૃદય જીતી લીધું. એકાએક એમ.એ. અને એલએલ.બી. કરવાનો વિચાર માંડી વાળ્યો. આંબલાના ગ્રામસેવક વર્ગમાં દાખલ થવાનો મેં નિર્ણય કરી લીધો. બી.એ.માં ભારતીય અર્થશાસ્ત્ર મારો આનર્સનો વિષય હતો; પણ  આંબલા શિબિરમાં જ મેં જાણ્યું કે ભારતની કરોડરજ્જૂ જેવા ગ્રામ-અર્થતંત્રમાં તો હું મીંડું જ હતો ! કોરા અધ્યાત્મ અને પંડિતાઈની મને ફાવટ હતી, પણ જીવતર દ્વારા અધ્યાત્મને સર્વ ક્ષેત્રમાં પ્રગટ કરવાની વાતનો તો મેં એકડોય ઘૂંટ્યો નહોતો. મારા ધાર્મિક અને શાળાકીય શિક્ષણની અધૂરપ મને ખૂંચી. તે દૂર કરવાનો માર્ગ મને મનુભાઈ અને નાનાભાઈ પાસેથી જીવંત શિક્ષણ લેવામાં લાધ્યો. મેં વિનયભાવે ‘૪૨ના જૂનની પંદરમીએ ફૂલચંદભાઈ ગ્રામસેવક વર્ગમાં પ્રવેશ મેળવ્યો.

- **ભાવુક અને અનુભવી યુવા ખેડૂતોનો ગ્રામસેવકવર્ગ**

ઉનાળામાં નાનાભાઈએ ખેડૂતો માટે ગ્રીષ્મ શિબિર ચલાવી. તેમજ મોટી મારડ બાજુ ભાગવત પારાયણ કર્યું. અને એક ભાવુક વાતાવરણ તૈયાર કર્યું. ‘૪૫ના ઓક્ટોબરમાં ગ્રામસેવક વર્ગ શરૂ કર્યો જેમાં કોલકીથી કરશનભાઈ વાછાણી અને જેરામભાઈ આવ્યા. છાડવાવદરથી ભગવાનજીભાઈ અને પોપટભાઈ આવ્યા. ચારોડિયાથી સત્યાગ્રહી વલ્લભભાઈ પણ આવ્યા. આ સૌ પાસે ખેતીનો અનુભવ તો હતો જ; માત્ર તેમને ખેતી વિજ્ઞાન અને ખેતીનું અર્થશાસ્ત્ર સમજવાનાં હતાં. બજુડ ગામના સર્વેક્ષણ વખતે આ અંગેની ચર્ચામાં ખેતપેદાશની ભાવસમસ્યા અને ગામડાના જીવનની વાસ્તવિકતાઓ સમજવામાં ખૂબ ઉપયોગી નીવડેલ. શરૂઆતમાં કોશેટા જેવી અવસ્થામાંથી પાંખ ફૂટતા પતંગિયા જેવી સભાનતા મારામાં આવવા લાગી.

ઉનાળાની ખેડૂત ગ્રીષ્મ શિબિરમાં કુંડલા, પાલિતાણા અને ધોરાજી વિસ્તારના આગેવાન ખેડૂતો પણ આવ્યા. શિબિરને અંતે વ્યાપક ગ્રામ સમસ્યા સમજવા-ઉકેલવાના હેતુથી “ખેડૂત શ્રેય

સાધકમંડળ''ની સ્થાપના કરી. પ્રમુખ-ઉપપ્રમુખ નાનાભાઈ અને મનુભાઈ હતા. મંત્રી તરીકેની જવાબદારી મેં સંભાળી હતી. વર્ગમાં તાલીમ લઈ રહેલ યુવાકિસાનોને તેમના ભાવિ કાર્યક્રમનું માધ્યમ મળ્યું. વર્ધા, પૌનાર, વેડછી, મુંબઈનો પ્રવાસ કરીને રચનાત્મક અને રાજકીય પ્રવાહોની પ્રત્યક્ષ જાણકારી મેળવી લીધી. રાષ્ટ્રીય દૃષ્ટિએ ગ્રામપ્રશ્નો સમજવા ને ઉકેલવાની સારી એવી શક્તિ કેળવી લીધી.

આ અરસામાં ધોળામાં ભાવનગર રાજ્યના પ્રોત્સાહનથી ખાંડનું કારખાનું બની રહ્યું હતું. રંઘોળા તળાવ થતાં શેરડીના વાવેતરની શક્યતા વધી એટલે ખેડૂતો શેરડીના વાવેતર તરફ વળ્યા હતા; પરંતુ ભાવનગર રાજ્યે કારખાનાને ફરજિયાત છ આને મણ શેરડી આપવાનો નિયમ કર્યો હતો. તે સામે ખેડૂત વર્ગમાં ભારે અસંતોષ હતો. કાં તો પોસાણવાળા ભાવ આપો અગર માલના મુક્ત વેચાણ માટેની છૂટ આપો. એવી માગણી કરીને ખેડૂત શ્રેય સાધક મંડળે સંગઠન કર્યું અને ખેડૂતોને દોરવણી આપી. ખેડૂત ગ્રીષ્મવર્ગમાં જોડાયેલા વિદ્યાર્થીઓએ સભાઓ યોજવા માંડી અને શેરડીના પોસાણભાવો સર્વેક્ષણ દ્વારા નક્કી કરી આગેવાની લીધી. નાનાભાઈનું માર્ગદર્શન અને મનુભાઈની પ્રત્યક્ષ દોરવણીથી આખા વિસ્તારમાં નવજાગૃતિ આવી. છેવટે રાજ્યે ખેડૂતોને ફરજિયાત માલ વેચાણ માટેની વાત પડતી મૂકી. સમસ્યાની સાચી સમજણ અને ઉકેલ દ્વારા લોકતાલીમ ને લોકલડતની પદ્ધતિનું પ્રત્યક્ષ જ્ઞાન એમાંથી મળ્યું. આ લડતે મને માલપરા ગામનો અને લીંબાભાઈ તથા લાલજીભાઈનો નજીકનો સંપર્ક આપ્યો. અને તેમના પ્રેમપૂર્વકના આગ્રહથી મારે માલપરા જવાનું થયું.

- **ભાવનાશાળી વિદ્યાર્થીઓનો ગ્રામસેવક વર્ગ**

ફૂલચંદભાઈ ગ્રામસેવક વર્ગમાં ભાવનાશાળી વિદ્યાર્થીઓ જોડાયા. બી.એ. પસાર કર્યા પછી મેં તેમાં પ્રવેશ મેળવ્યો. મારાં પત્ની હારમણિ માટલિયા સાત ધોરણ પસાર કરીને આ વર્ગમાં પ્રવેશ પામ્યાં. લોકશાળાનો અભ્યાસક્રમ પસાર કરીને તુલસીભાઈ તથા મોહનભાઈ આવ્યા. અને દસમાં ધોરણમાંથી હાઈસ્કૂલ છોડીને યશવંતભાઈ અને રતિભાઈ આવ્યા. કક્ષા અને ઉંમરમાં ભિન્નતા પણ ખેતી, ગોપાલન, ખાદી વગેરે વિષયોમાં અમારે એકડો ઘૂંટવાનો હતો. બૌદ્ધિક વિષયોમાં સ્વદેશી સમાજ, ઘરે બાહિરે, હિન્દુધર્મનાં મૂળતત્ત્વો, ગાંધી વિચાર વગેરેમાં નાનાભાઈ,

મનુભાઈની મૌલિક વિચારસરણી અમને નિત્ય નાવીન્ય આપે. અમે ખૂબ પ્રસન્ન હતા, પણ ‘‘હિન્દ છોડો’’ની બાપુની ગર્જનાએ અમને આઝાદીની લડતના સૈનિક બનાવ્યા. મનુભાઈ અને યશવંતભાઈ સાથે જ ભાવનગર જેલમાં જવાનું થયું. જેલ અમારો વર્ગ બની; ફૂલચંદભાઈ ગ્રામ સેવક વર્ગ અધૂરો રહ્યો.

- **સ્વાતંત્ર્ય સૈનિકોનો ગ્રામસેવક વર્ગ**

૧૯૪૩માં અમે જેલમાંથી છૂટ્યા. લડતમાં ઓટ આવી હતી. ઓક્ટોબરની બીજીએ ફરી ગ્રામસેવક વર્ગ શરૂ થયો. આઝાદીની લડત લડવા માટે આફ્રિકાથી કામધંધો છોડીને આવેલા હીરજીભાઈ અને દેવચંદભાઈ, કરાંચીથી ને માંગરોળથી વ્યાપાર વ્યવસાય છોડીને આવેલા જયંતિભાઈ અને ચીમનભાઈ, જેલમાંથી છૂટીને આવેલા રતિલાલ અંધારિયા અને હીરાભાઈ દેસાઈ; સરકાર સામે અહિંસક ટક્કર ઝીલીને આવેલા ગુણવંતભાઈ, લોકશાળામાંથી ઉત્તીર્ણ થયેલા જેરામભાઈ અને નવનીતભાઈ અને ભુંભલીથી આવેલા નાનજીભાઈ વગેરે સૌ ઠેઠ સુધી વર્ગમાં રહ્યા. બીજા કેટલાક થોડો થોડો સમય રહી ચાલ્યા ગયેલા. બધાય મધ્યમ વર્ગના ભાવનાશીલ અને દેશ માટે કંઈક કરી છૂટવાની ધગશવાળા જુવાનો. વર્ગ પૂરો થયો. શિક્ષણ ઉત્તમ મળ્યું, પણ મોટાભાગના નેતાઓ જેલમાં હતા. રચનાત્મક સંસ્થાઓ પર સરકારનો પંજો હતો. અને ગામડાંનું સેવકોને સાચવી-પચાવી શકવાનું ગજું નહોતું. નાનાભાઈએ કચવાતા હૃદયે અને ભીની આંખે અમને વિદાય આપી.

### ગ્રામદક્ષિણામૂર્તિનાં પાંચ વર્ષમાં શું મળ્યું –

માલપરા વિસ્તારમાં જે કાંઈ કામ થયું તેમાં અને મારા વ્યક્તિગત ઘડતરમાં ગ્રામદક્ષિણામૂર્તિનો અમૂલ્ય હિસ્સો છે. હું તો મારા દ્વિજસંસ્કાર એટલે નવા જન્મનું મારું પિયર ગ્રામ દક્ષિણામૂર્તિને ગણું છું. '૪૨ના જૂનથી '૪૭ના જૂન સુધીમાં જેલવાસ અને અમદાવાદના તાલીમકાળને બાદ કરતાં ગ્રામ દક્ષિણામૂર્તિમાં મારે પાંચ વર્ષ રહેવાનું થયું. એટલે નાનાભાઈની આચારશુદ્ધિ અને વ્યવહારશુદ્ધિ પાછળનો વાસ્તવિક-વ્યવહારુ વિવેક, મનુભાઈ પંચોળીની ક્રાંતદર્શી ભાવના અને વિજયાબહેનની નિર્મળ વત્સલ સેવાની મારા આંતરજીવન પર એટલી સચોટ અસર થયેલી કે મારું સાંપ્રદાયિક સંકુચિત આંતર-ક્લેવર જ બદલી ગયું. ક્રમે ક્રમે વ્યવહારુ ધર્મભાવના અને પરહિતપોષક દૃષ્ટિ વધતી જ ગઈ. એટલું જ નહીં પણ સમાજસેવાના અહિંસક અભિગમની પદ્ધતિ અને કાર્યક્રમની સૂઝ પણ મને ત્યાંથી જ સાંપડી.

- **સર્વસંમતિની શૈક્ષણિક દૃષ્ટિ**

સંસ્થાના કાર્યક્રમો તેમજ તે અંગેની ભાવના અને મૂલ્યો માટે નાનાભાઈ નાનામોટા સૌ કાર્યકરોને અંગત રીતે મળે, તેમના વિચારો સમજે, પોતાના વિચારો રજૂ કરે અને અઠવાડિયે પખવાડિયે સમૂહમાં મળી સહવિચારણાથી આગળ વધે. આમ અવિધિસર સર્વસંમતિ મેળવીને સંસ્થાનું કામ સમજપૂર્વક આગળ વધે તેની તેઓ કાળજી રાખતા. જેવું સંસ્થાનું તેવું જ ગ્રામપ્રવૃત્તિનું. પંચાયતના મંત્રી, પ્રમુખ, સભ્યો કે શિક્ષક એ સૌ ગામ ઉપર જેનું વજન હોય તે સૌને મળે, તેમની વાત સાંભળે. તેમની પાસે ગ્રામસુધારણાની પોતાની વાત મૂકે. છેવટે તેમના ગજા પ્રમાણે અને તેમની ભૂમિકા પ્રમાણે સંમતિ મળે તેટલા કાર્યમાં સૌને સાથે રાખી આગળ વધે. અને પોતે જેમાં સંમત ન હોય તેમાં દૂર રહે ને ગામને પોતાની શક્તિ પ્રમાણે આગળ વધવા પ્રેરે.

- **મૂલ્યપરિવર્તનની વિશિષ્ટ શૈલી**

આંબલાની પ્રાથમિકશાળા ભાવનગર રાજ્યે નાનાભાઈને સોંપી હતી. હરિજનની બાબતમાં ગામ સાથે મતભેદ થતાં નાનાભાઈએ તે શાળા રાજ્યને પાછી સોંપી. હરિજન અને સવર્ણોના શિક્ષણ માટે લોકશાળામાં વ્યવસ્થા કરી. લોકશાળામાં તો પંક્તિભેદનું નામ જ નહીં, પણ જેને ગળે

ન ઊતરે તે અલગ બેસે તો તેને ન રોકે. ગામના સ્થાપિત હિત અને રૂઢિચુસ્ત વર્ગે સંસ્થા સામે ઊહાપોહ મચાવ્યો. વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ ઘટી ગઈ ! મેં નાનાભાઈને પૂછયું કે, સંસ્થામાં કોઈ નહીં રહે તો ? તરત જ જવાબ આપ્યો કે ‘‘શબરીની જેમ વાટ જોઈશ. જન્મે કે જન્માંતરે ભગવાન દક્ષિણામૂર્તિ ભણવા આવશે, આવશે ને આવશે જ ! હરિજન-ગિરિજન, ખેડૂત-મજૂર કે વણિક-બ્રાહ્મણ એવો એને ભેદ જ નહીં ! કોને ખબર છે ? કયા વિદ્યાર્થીરૂપે ભગવાન ભણવા આવે ?’’ આથી એ સૌ સાથે ભાવથી તદ્રૂપ રહેતા અને વ્યવહારથી તટસ્થ ને નિર્લેપ ! એમની અવિચળ શ્રદ્ધા જ મૂલ્યને પોષક વાતાવરણ રચતી. એ કોઈ પર મૂલ્ય લાદતા નહીં. એમના અવાગ્રહીપણા અંગે પૂછીએ તો કહે, ‘‘મૂલ્યો ખોસાય નહીં પણ પોષાય.’’ આ જ છે શિક્ષણનું સહજ-સુલભ સ્વાતંત્ર્ય.

- **નિર્મળ વાત્સલ્ય દ્વારા ચેતનાવિસ્તાર**

શિક્ષણ પૂરું થતાં વિદાયનો પ્રસંગ એ સંસ્થાનું એક હૃદયંગમ ચિત્ર હોય છે. નાનાભાઈ, મનુભાઈ, વિજયાબહેન, મૂળશંકરભાઈ, બુચભાઈ સૌ વિદાય આપવા આવ્યા હોય. બધાંની આંખમાથી હૃદયનો પ્રેમ આંસુ બની નીતરતો હોય. માતા દીકરીને વળાવતી હોય તેવું જ દૃશ્ય જોઈ લો. આ આંસુ એ જ સંસ્થાના હૃદયતંતુને સાધનારું દીક્ષાતંત્ર છે. વિદ્યાર્થીની કાંઈ ભૂલ થાય તો શિક્ષકનાં આંસુ કે હૃદયનો વલવલાટ વિદ્યાર્થીના અંતરને કેવું પલટી નાખે છે તેના અમે નિરંતર સાક્ષી બનતા રહ્યા. ઘેરથી વિદ્યાર્થી આવતાં જ ભાઈબંધોના હૈયેહૈયાં ભળે. વિદ્યાર્થી તરત ગોશાળામાં દોટ મૂકે. ગોશાળાનાં વાછરું, વાડીના વેલા અને આંબાવાડિયાના આંબાના રોપડા એક એકને હેતે હેતે જોઈ આવી પછી જ જંપે. ભેરુ, પશુ અને વનસ્પતિ સાથેની ભાઈબંધીમાંથી વિસ્તરેલા સંવેદનમાંથી જામતું તાદાત્મ્ય હૃદયને કેવું કોમળ સ્નેહાર્દ્ર ને ઉદાર બનાવે છે એ તો જેણે જોયું હોય તે જ જાણી શકે.

- **શિક્ષણનું માધ્યમ સહજાનંદ**

સંસ્થાની રમતગમત અને રાત્રિપ્રવૃત્તિ એટલે આનંદની છોળ. અંતકડી, વાર્તાઓ, ગીતો એ બધાં ભાષા, ભાવ અને હૃદયસ્પંદનોને એવાં તો હિલોળે ચડાવે કે કાવ્યોનાં કાવ્યો કંઠસ્થ થઈ જાય. અને એથીયે વધારે તો જ્યારે નાનાં નાનાં ભૂલકાં પોતાના વાડોલિયામાં છોડવાઓ સાથે અંતરના

ભાવ ઠાલવી કાંઈક કાંઈક સંકેતથી વાતો કરી લેતાં હોય. આ છોડવાઓની સંભાળ લેવામાં અમે પણ મોટેરાંઓ કરતાં ઊતરતાં નથી તેવી હોંશમાં પોતાની શક્તિને છતી કરવાની મોજ માણતાં હોય. શ્રમ સાથે વિજ્ઞાન અને વ્યવસ્થાનું મિલન થતાં તેનાં સુફળનો ફાલ જોતાં હર્ષોન્મુખ બની પોતાનાં કાર્યો મૂલવતાં હોય ને તુલના કરતાં હોય તેનો સંતોષ તેમના મુખે મુખરિત થતો જોવો એ તો અણમોલ તક છે. વિદ્યાર્થી મંડળની સભામાં થતી કામની જવાબદારીથી માંડી પ્રદર્શનો, આનંદમેળાઓ તેમ જ સંસ્થાના ઉત્સવોમાં વિદ્યાર્થીઓમાં પ્રગટ થતી સર્જન શક્તિ, સહજ સૂઝ અને સહકારમય જીવન એ પ્રતીતિ આપતાં કે આનંદ એ જ શિક્ષણનું સહજ માધ્યમ છે.

- **નિર્વ્યાજ સેવા અને વ્યવહારશુદ્ધિ**

ગામડાંનાં ગડગૂંમડવાળાં અને રોગથી પીડાતાં બાળકોની માતાના જેવી કાળજીથી સેવા કરતાં વિજયાબહેનને જોવાં એ એક લહાવો છે. છાત્રાલયના છાત્રો અને સંસ્થા પરિવારની નિર્મળ વાત્સલ્યથી કાળજી લેવા ઉપરાંત ગામનાં ગરીબગુરબાં અને રોગી ને મૂંઝાયેલાં બહેનોની મદદે વિજયાબહેન દોડીને જતાં, તેમને દિલાસો આપતાં અને જરૂર પડે તો પીડા કરનારાં તત્ત્વોની સામે લડીને પણ પીડિતની પડખે રહેતાં. રાજ્યથી, ભ્રષ્ટાચારી અધિકારીથી કે માથાભારે તત્ત્વોથી મૂંઝાયેલાંને નાનાભાઈ સાચી સલાહ આપી જરૂર પડે ત્યાં ચીઠ્ઠી-ચપાટી પણ લખી દેતા. દુષ્કાળ વખતે સસ્તા અનાજની દુકાન શરૂ કરી અને ગામના જ વેપારીના ભાણેજને તેમાં રોકી એને પણ વ્યવહારશુદ્ધિના સંસ્કાર આપી સમાજસેવાનાં કામમાં લીધા. સંસ્થાના નામાં-ઠામાં અને પ્રત્યેક વ્યવહારમાં અણિશુદ્ધ પ્રામાણિકતા, મિલકત અને સંપત્તિની કરકસરભરેલી જાળવણી અને ઓછામાં ઓછું લઈને વધુંમાં વધુ સેવા કરવાની ધગશવાળા જીવન દ્વારા પરિચયમાં આવનારાને વ્યવહારશુદ્ધિનો પદાર્થપાઠ મળતો. ગામના જરૂરિયાતવાળાને માગે ત્યારે કામ મળી રહે તે દૃષ્ટિએ ખાદીકાર્યાલય ચાલતું. નાનાભાઈની પ્રેરણાથી જ ભાવનગર રાજ્યે તળાવ બંધાવી આપી ખેતીની આબાદી અને તે દ્વારા સામાન્ય મજૂરને પણ ઊંચા જીવનધોરણનો અવકાશ આપ્યો. આ બધાં કામો એટલી સ્વાભાવિકતાથી થતાં કે તેમાં કંઈ વિશેષતા ન લાગતી. કેવળ સ્વધર્મના પાલનની સહજતા જ વરતાતી હતી.

- **નિર્ભયતા અને નિષ્પક્ષતા**

આસપાસના માથાભારે અને રંજાડ કરનારાને પ્રેમથી સમજાવવા, દરબારોમાં પણ ભાગવતનો સંદેશ આપવા તેમના ચોરે નાનાભાઈ ભાગવતકથા વાંચતા. બહાવટિયાનો જાસો આવતાં મનુભાઈ આગેવાની લઈ ગામને સાબદું કરતા. તો ગેમલાને અને હરિસિંહને સંસ્થા પાસે જ  રોકીને પ્રેમથી જીવન પરિવર્તન કરવાનો સંદેશો આપતા. અને તેમનામાં આવતા પરિવર્તનના અમે સાક્ષી બનતા. નિર્દોષ નાગરિકોનાં નાક કાપતા માંજરિયાને સમજાવવા નાનાભાઈ જાતે જતા ત્યારે ગુમરાહો પ્રત્યેની કૂણી લાગણી અને સર્વ પ્રત્યેના સમભાવની સમતુલાનાં અદભૂત દર્શનની સાથોસાથ દ્રઢતાસભર નિર્ભયતાનું ઉદાહરણ નજર સામે ખડું થતું. જ્યાં જ્યાં અધર્મ દેખાય ત્યાં તેમની સામે અડગતાથી ઝૂઝતા, પણ ગામડાંના પક્ષાપક્ષી અને વહેમ, અવિશ્વાસ અને ઈર્ષામાંથી ઊભા થયેલા ઝઘડામાં તે તટસ્થ રહેતા. અમુક પક્ષ ન્યાયી અને અમુક પક્ષ અન્યાયી તેવા તોલજોખને બદલે પ્રત્યેક પ્રસંગને તેના ગુણદોષથી મૂલવી સારપનો સરવાળો કરવા અને નિષ્પક્ષભાવે સૌને નજીક લાવવાની પરંપરા સંસ્થામાં વિકસી રહી હતી.

## માલપરાના કામના મૂળમાં ગ્રામદક્ષિણામૂર્તિ

આવા અનેરા કામની દીક્ષા એ અમારી મૂડી હતી. એ મૂડી લઈને અમે માલપરા ગયા. અમે ત્યાં જે કાંઈ કામ કર્યું તેના મૂળમાં ગ્રામદક્ષિણામૂર્તિની પ્રેરણા અને મમતા-હૂંફ જ મુખ્યપણે રહ્યાં છે. બહારનો વિકાસ એ તો એની કૃપામાંથી ફૂટેલાં શાખા-પુષ્પો ને ફળોનો વિસ્તાર માત્ર છે. આ વિનય નથી પણ હકીકત છે. માલપરા કેન્દ્ર રચનાત્મક સમિતિનું; પણ તેના પ્રેરકબળ રહ્યા નાનાભાઈ અને મનુભાઈ.




**આજીવન કાર્યક્ષેત્ર માલપરા**

- **માલપરાની પ્રવૃત્તિને આર્થિક હૂંફ અને માર્ગદર્શન**

૧૯૪૭માં બાલવાડીથી સેવા પ્રવૃત્તિનો આરંભ થયો. ત્યારથી માંડીને લોકશાળા સુધીના વિધિસર અને અવિધિસરના શિક્ષણકાર્યના બજેટની નાનાભાઈ અને મનુભાઈ કાળજી સેવતા. રચનાત્મક સમિતિ પાસે બજેટ મંજૂર કરાવવું, સરકારી સહાયનો લાભ અપાવવો, હિસાબો વ્યવસ્થિત રખાવવાથી માંડીને લોકશાળાના આરંભનાં બે વર્ષ સુધી સંચાલન કરવાની અને પ્રસંગ પડ્યે લોન અપાવી પગભર કરવાની કાળજી નાનાભાઈ તથા મનુભાઈએ રાખી હતી. આથી અમારે દાન માટે હાથ લંબાવવો ન પડ્યો. ગામે જે કાંઈ આપ્યું તે તો ઋણભાવે.

- **નૈતિક અનુમોદન અને વિદ્યાર્થીની સ્વીકૃતિ**

માલપરામાં વિદ્યાર્થીના સંસ્કાર અને શિક્ષણનું કામ અમે કરીએ. તેના નિરીક્ષણ-પરીક્ષણની જવાબદારી સંભાળી ગ્રામદક્ષિણામૂર્તિએ. આમ કામ ચાલ્યા કરતું. દરમિયાન લોકશાળાને દસમા ધોરણ સુધીની સ્વીકૃતિ મળી અને સંસ્થાના ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન થયું. આ રીતે અમારા શિક્ષણના પ્રયોગને અપનાવી લીધો એ જ એની મહત્ત્વની દેણગી ગણાય.

- **મુખ્ય હિસ્સો સંસ્થામાં ભણી ગયેલા વિદ્યાર્થીઓનો**

માલપરાની સમગ્ર શિક્ષણપ્રવૃત્તિ મુખ્યત્વે ગ્રામદક્ષિણામૂર્તિમાં ભણેલ વિદ્યાર્થીઓએ ઉપાડી લીધી. બાલવાડી સંભાળી અંબાબહેને. કન્યારાત્રિશાખા સંભાળી હારમણીબહેને, પ્રાથમિકશાળા સંભાળી તુલસીદાસજી, રણછોડદાસજી અને લાભુભાઈએ. યુવા પ્રવૃત્તિ જગુભાઈ અને મગનભાઈએ. કૃષિકેન્દ્ર રણછોડભાઈએ. લોકશાળા બાબુભાઈ અને દેવરાજભાઈએ. આરોગ્ય પ્રવૃત્તિ જેરામભાઈએ. આમ સંસ્થાની શિક્ષણ પ્રવૃત્તિમાં સૌએ ખૂબ જ નિષ્ઠાથી કામ ઉપાડી લીધું. અત્યંત અલ્પ વેતન લઈને એમણે વિધિસર અને અવિધિસરના શિક્ષણકાર્યને ઓપાવ્યું. મારું કામ તો કેવળ તેનું સંકલન કરી જીવનઅનુબંધ જોડવા જેટલું જ હતું.

- **માલપરાનો ગ્રામદક્ષિણામૂર્તિ પ્રત્યેનો સ્નેહાદર**

માલપરા વિસ્તારના ખેડૂતો પોતાનાં બાળકોને આંબલા લોકશાળામાં ભણવા મોકલતા જ હતા. તેથી વિદ્યાર્થીઓના વાલીઓ અને સંસ્થા વચ્ચે સહજ રીતે સ્નેહસંબંધ બંધાયો જ હતો. અને તેથી હું માલપરા આવ્યો ત્યારે સૌએ મને પોતીકા તરીકે અપનાવી લીધો. આ કારણે માલપરા "વાત્સલ્યધામ" ટ્રસ્ટ ભલે વ્યવહારથી ભિન્ન છતાં તેની બધી પ્રવૃત્તિને ભાવાત્મક રીતે ગ્રામદક્ષિણામૂર્તિના અંતરંગ અંગ અને બાહ્ય વિસ્તારરૂપ ગણીને ચાલતું હતું. એથી જ માલપરાની સર્વાંગી પ્રવૃત્તિના મૂળમાં ગ્રામદક્ષિણામૂર્તિની સંસ્કારમૂર્તિ પડેલ છે અને તે સહજ છે.

## લોકસ્વીકૃતિ અનુસાર કાર્ય

મારા કામને લોકસ્વીકૃતિ મળે તે તે માટે હું કામનો સહજ ઉઠાવ આપવા નિરંતર પ્રયત્નશીલ હતો. મારું કામ તે સમગ્ર ગામનું કામ બને તે મને અત્યંત જરૂરી લાગ્યું હતું.

- **દવાખાનાનો પ્રારંભ**

માલપરામાં રહેવાનું મેં વિચાર્યું ત્યારે નાનાભાઈને પૂછયું હતું કે ગામડાની સેવા અર્થે શું કામ શરૂ કરું ? નાનાભાઈએ સલાહ આપી કે ગામડાને જેની જરૂર હોય તે. મને લાગ્યું કે નીતિમય જીવિકા માટે ખેતીગોપાલન, ખાદી, વૈદક અને શિક્ષણ એ પાંચ ક્ષેત્રો ઉત્તમ છે. તેમાં નિર્મળ જીવિકા ઉપરાંત લોકસેવાનો પણ લાભ મળે છે. મારી રુચિ, સ્થિતિ ને સંયોગો જોતાં મેં વૈદક પસંદ કર્યું. શાસ્ત્રીય અભ્યાસ, પ્રમાણપત્ર અને રજિસ્ટ્રેશન તો મારી પાસે હતાં જ અને વલ્લભરામભાઈ પાસે અનુભવ મળ્યો હતો. આસપાસ કોઈ દવાખાનું હતું નહીં. એટલે ગામને તે વાત ગમી ગઈ અને વસવાયાને જે રીતે આવક બાંધી આપે છે તે રીતે વરસ દહાડે સૌ ખેડૂતો બે મણ બાજરી, ઘઉં, શીંગ, ગોળ આપે અને હું સ્વચ્છતા, આહારમાં ફેરફાર તેમ જ પ્રસંગ પડ્યે પથ્યાહાર અને ઔષધ સંબંધી સૌનાં કુટુંબોનો સલાહકાર બનું. દવાખાનું ગામનું ગણાય, ગામની સમિતિ તેની વ્યવસ્થા કરે તેમ ગોઠવ્યું. હું સાચા અર્થમાં ગામનો સેવક બન્યો.

- **બાલવાડીનો પ્રારંભ**

મારા વિદ્યાર્થી અને મિત્ર જેરામભાઈનાં પત્ની અંબાબહેન બોરડીમાં બાલમંદિરની તાલીમ લઈ આવ્યાં હતાં. આંબલાના વર્ગમાં પણ તેઓ આવ્યાં હતાં. કસ્તુરબા સ્મારકે બાલવાડી ચલાવવા એમને મોકલ્યાં. ગામને પણ લાગ્યું કે મા-બાપ સીમમાં હોય ત્યારે બાળકોને ભણતર અને સંસ્કાર મળે તેથી બીજું રૂડું શું ? તે વાતને પણ ગામે વધાવી લીધી અને પોતાની ચોખ્ખી આવકનો એક ટકો સ્વેચ્છાએ આવાં ગામયજ્ઞ કામને માટે આપવા નક્કી કર્યું.

- **ખેડૂત શ્રેય સાધક મંડળમાં જોડાયા**

૧૯૪૬ના ગાંધીજયંતી પર માલપરા આવેલો ત્યારે ધારાસભ્યો અને વયોવૃદ્ધ આગેવાન લીંબાભાઈએ ગ્રામસફાઈની આગેવાની લીધી અને ગામના યુવાનો અને ખેડૂતોએ સમગ્ર ગામને સ્વચ્છ અને સુંદર બનાવી નાખ્યું. લોકજાગૃતિ માટે સરસ વાતાવરણ તૈયાર થઈ રહ્યું હતું. શેરડીના યોગ્ય ભાવ અંગેની લડત શરૂ થઈ ચૂકી હતી. શિવરાત્રી પ્રસંગે અમે સૌ ગ્રામજનોને મળ્યા. તે દિવસની સમગ્ર ગ્રામસભાએ આ લડતને ટેકો આપ્યો. સૌ ખેડૂત શ્રેયઃ સાધક મંડળના સભ્યો થયા. તે પછી ખેડૂત શ્રેયઃ સાધક મંડળનું કાર્યાલય માલપરામાં રહ્યું. મંડળે માલપરા અને ખીજડિયામાં ખેડૂત-શિબિરો ચલાવી. આ અંગે લોકમાનસ કેળવવા આસપાસનાં ગામડાંઓમાં લીંબાભાઈ પટેલ, લાલજીભાઈ મુખી, ઢસાના વાઘજીભાઈ તથા ખીમજીભાઈ વગેરે સૌ ગામડાઓમાં ફર્યા. ખરેખર લોકજાગૃતિનો આ અવસર હતો.

- **યુવા નેતાગીરીનો પ્રારંભ**

૧૯૪૭ના ઓગષ્ટની પંદરમીએ વજુભાઈ શાહ આવ્યા હતા. આ પ્રસંગે ભંગી બાળાએ તેમનું સ્વાગત કર્યું. યુવાનોએ આ દિવસથી વ્યસનત્યાગ, ગ્રામસુરક્ષા અને ગ્રામસેવા કાર્યક્મો શરૂ કરી યુવાસંગઠન મજબૂત બનાવ્યું.

- **ગ્રામવિકાસ અર્થે સર્વેક્ષણ**

ગામમાં સહકારી ખેતીની શક્યતા અંગે રાજ્યે સર્વેક્ષણ કર્યું. આ આધાર પર ગામના સર્વાંગી વિકાસની દૃષ્ટિએ જમીનના પ્રકાર અને તેને અનુરૂપ મળે તે હેતુને ધ્યાનમાં રાખીને ગામના દરેકને કામ મળે તે માટે કામ શરૂ થયું.

- **અગ્રણીઓનું સમર્થન સાંપડ્યું**

આ પ્રવૃત્તિ તરફ અગ્રણીઓનું ધ્યાન ગયું. હરજીવનભાઈ મહેતા, ગોપાળભાઈ, કમળાબહેન અને વેણીભાઈ જેવા નીતિધર્મસંપન્ન થિયોસોફિસ્ટોએ સત્સંગ અને સદવિચારણા દ્વારા આ કામને સમર્થન આપ્યું હતું. લોકો દ્વારા ખેતી વિકાસ, ગોવંશ સુધારણા, વસ્ત્રસ્વાવલંબન માટે ખાદીકામ,

સહકારી પ્રવૃત્તિ, પંચાયત દ્વારા લોકસુખાકારીનાં કામ વગેરે કાર્યો શરૂ થતાં ગયાં. લીંબાભાઈ, ખીમજીભાઈ અને વાઘજીભાઈએ આ બધાં કાર્યોમાં આગેવાની લીધી હતી. બીજાનું ભલું કરવાની ભક્તિમય ભાવના ઊભી થતી જોવા મળતી હતી. ચારસો માણસોની વસ્તીના આ નાનકડા ગામમાં કૃષ્ણકુમારસિંહજી પોતે આવીને પ્રાથમિકશાળાનું ઉદ્ઘાટન કરી ગયા હતા. સમાજ માટે કે દેશ માટે કાંઈક કરી છૂટવાની લોકોની ભાવના કેળવાયે જતી હતી. આસપાસનાં ગામડાંઓમાં પણ અમારી સમગ્ર પ્રવૃત્તિને સમર્થન આપનાર આગેવાનો અને યુવાનો અમને સાંપડતા ગયા.

- **રચનાત્મક રાજનીતિનું પીઠબળ**

સ્વરાજ્યનો એ અરુણોદયકાળ હતો, ગાંધીજી અને કોંગ્રેસ પ્રત્યે લોકોનો અહોભાવ, સ્વરાજ્યનાં સ્વપ્નોએ ઊભો કરેલો ઉત્સાહ અને આશાદોર, આ ઉપરાંત સૌરાષ્ટ્રની રચનાત્મક રાજનીતિ એ બધાંને પરિણામે અનુકૂળ વાતાવરણ સર્જાયું હતું. પ્રજા ઢેબરભાઈ અને બળવંતભાઈનો પડ્યો બોલ ઝીલતી હતી. અમને પણ ગાંધીજન તરીકેની એ લોકભાવનાએ જ આવકાર્યા હતા. તેથી જે કાંઈ કામ થયું તેના સુયશનો વિશેષ અધિકાર તો એ સમગ્ર વાતાવરણને જ આભારી છે.

આમ સંયોગો સાનુકૂળ હતા. દેશ, કાળ અને ભાવનું અમને સમર્થન હતું. આથી અમારા કામનાં ગતિ-વિકાસ અને વ્યાપને પ્રભાવશાળી બનાવવાની અમને તક સાંપડી હતી. ગામડાની વેરવિખેર શક્તિનો સહયોગ કરવાની શૈલી અને શક્તિ અમને પ્રાપ્ત થતી જ ગઈ અને એટલે જ ભૂલો કરતાં કરતાં પણ લોકનીતિ અને લોકશાહીની સફળતાની અમને ચાવી અનાયાસે મળતી ગઈ અને આ કામ કરવામાં અમારી દૃષ્ટિપાત સંસ્થાનું કૃતાર્થભાવે ઋણ ચૂકવવાની જ ભાવના કાયમ રહી છે.

## સમગ્ર પ્રવૃત્તિનું સિંહાવલોકન

૧૯૪૬માં નાનાભાઈએ અમને પૌનાર-સેવાગ્રામ મોકલ્યા ત્યારે પરંધામમાં અમને વિનોબાજીનો સત્સંગ મળ્યો. તેઓ રોજ સવારમાં ગ્રામસફાઈમાં જતા અને તે પછી લેખનમાં એકાગ્ર રહેતા. તેમની જીવનચર્યામાં જીવતા-જાગતા વેદ અને સમત્વ યોગનાં દર્શન થયાં. તેને સમર્પિત થવાની મને ભાવના જાગી, પરંતુ '૫૩ સુધી શિક્ષણપ્રવૃત્તિને કેન્દ્રમાં રાખી અમારું કામ ચાલતું રહ્યું. એમાં બોધગાથા સંમેલનમાં જતાં અમારા કાર્યકરો અને ગ્રામજનોમાં ભૂમિદાન અને ગ્રામપરિવારની ભાવનાએ ભક્તિરસનું સિંચન કર્યું.

૧૯૫૪માં સંતબાલજીએ સૌરાષ્ટ્રનો પ્રવાસ કર્યો. ત્યારે સણોસરામાં નાનાભાઈ પાસે મારી સેવા ભૂદાન અને ગ્રામ પુનર્ રચના કાર્યને મળી શકે ખરી તેવી વાત મૂકી. નાનાભાઈએ મારી ઇચ્છા જાણીને દર મહિને લોકભારતીમાં પંદર દિવસ આપવાના વચનમાંથી મને મુક્તિ આપી. આમ ભૂદાન અને ગ્રામ પુનર્ રચનાના કાર્યને તેમણે આશીર્વાદ આપ્યા. '૫૮ સુધી વિશેષપણે ભૂદાન અને તે પછી પંચાયત, સહકાર વગેરે દ્વારા ગ્રામસ્વાવલંબનની દિશામાં અમે વિશેષ પ્રયત્ન કર્યો. આમ શિક્ષણ, ભૂદાન અને ગ્રામ પુનર્ રચનાની અમારી સમગ્ર પ્રવૃત્તિની આછી ઝલક આપણે જોઈએ.

- **અમારી શિક્ષણ પ્રવૃત્તિ**

નાનાભાઈના આશીર્વચનથી કસ્તુરબા સ્મારક બાલવાડીનો આરંભ થયો હતો. એ અરસામાં એક હરિજન બહેન અમારે ત્યાં પત્ર વંચાવવા આવ્યાં. તેમને ઓસરીમાં સ્વમાનથી બેસાડ્યાં એટલે પડોશીની લાગણી દુભાણી. કેટલાક ધર્મચુસ્તનાં મન આળાં થયાં. અમે આ પ્રશ્ને ગામલોકોની સભા યોજી. ખીજડિયાવાળા વાઘજીભાઈ આ સભાના પ્રમુખસ્થાને હતા. પરસ્પર પ્રેમ અને આદરની લાગણીથી નિખાલસ ચર્ચા થઈ. વૈષ્ણવના ઘરમાં પળાતા આચારમાં કોઈ દખલ ન કરે તે જેટલું જરૂરી છે તેટલું જ જરૂરી છે ગાંધીપ્રેમી પરિવારમાં કે સંસ્થામાં હરિજનને છૂટ આપે તે. સૌ સૌના ધર્મ પાળે તે વાતમાં સહમતિ થઈ. એટલે બાલમંદિર અને રાત્રિશાળા હરિજન માટે ખુલ્લાં રહ્યાં. એટલું જ નહીં, પરંતુ વજુભાઈ શાહ અને જયાબહેન શાહ જેવાં રાષ્ટ્રીય અગ્રણીઓનું સ્વાગત પણ ભંગીબહેન કરે તે વાતમાં પણ ગામ સહમત થયું. અને ક્રમે ક્રમે અસ્પૃશ્યતાની સૂગ ગઈ. તે પછી

તો ગામકૂવે પાણી અને મંદિરે દેવદર્શન પણ હરિજનો માટે ખુલ્લાં થયાં. યુવાનોની જાગૃતિ અને આગેવાનોની ધીરજપૂર્વકની સમજાવટે આ નિર્ણયમાં અગત્યનો ભાગ ભજવ્યો. આમ પ્રેમ અને આદરમય વાતાવરણમાં સૌની સહમતિ અને લગભગ સર્વાનુમતિથી ગામનાં કામ કરવામાં આવતાં.

પ્રાથમિકશાળામાં પ્રથમ તો માત્ર તેરચૌદ બાળકો આવતાં; પણ અંબાબહેન બાળકોનાં તેડાગર અને શિક્ષણ પ્રચારક બન્યાં. તેઓ ‘‘બાળકોને કોઈ મારશો નહીં, બાળકોને બિવડાવશો નહીં, બાળકોને ગાળ દેશો નહીં’’નાં સૂત્રો પોકારતાં ઘેર ઘેર ફરે, બાળકોને સ્વચ્છતાની ટેવ પાડવાનું સમજાવતાં જાય અને ભણવા મોકલવાનું સમજાવતાં જાય. રાત્રિશાળામાં બહેનો આવતી એટલે વળી પાછાં ‘‘મહિલાને મારશો નહીં; મહિલાને બિવડાવશો નહીં, મહિલાને ગાળ દેશો નહીં’’નાં સૂત્રો બોલતાં બોલતાં ગામમાં બધે ફરે. બાળકો અને મહિલાઓને પાર વગરનો સદ્ભાવ મળ્યો. એ રીતે બાલમંદિર, પ્રાથમિકશાળા અને રાત્રિશાળા સંખ્યાથી ઊભરાવા લાગ્યાં. પછી તો યુવક મંડળે અને ખેડૂત શ્રેય : સાધક મંડળે પણ આ સૂત્રો ઉપાડી લીધાં. ગામના સમગ્ર વાતાવરણમાં પરિવર્તન આવવા લાગ્યું. આમ માલપરા સેવાજીવનનો પ્રાણાધાર બની રહ્યું.

- **“વાત્સલ્યધામ” એ જ “આનંદધામ”**

બાલસ્વાતંત્ર્ય અને સ્ત્રી-સ્વાતંત્ર્યના પાયાપર ગ્રામશિક્ષણનો એકડો ઘૂંટાયો. કન્યાઓ અને પ્રૌઢવયની બહેનો વિશેષ ને વિશેષ રાત્રિ કન્યાશાળામાં આવવા લાગી. હારમણિબહેન અને અંબાબહેન આ કામમાં મસ્ત બનેલાં રહ્યાં. પ્રાર્થના, વાર્તા, જીવનપ્રસંગો, ગીતો, ભજનો આવું ચાલ્યાં કરે. અક્ષરજ્ઞાન કરતાં સમજ અને આનંદ વધારવાનું કાર્ય મુખ્ય રહ્યા કર્યું. પરિણામે અક્ષરજ્ઞાન તો રમત રમતમાં આવી ગયું. કન્યાઓમાં રાસ, રમતો, વાર્તા-ગીતોએ આનંદ અને ઉત્સાહ અસાધારણ રીતે વધાર્યા. આમ સંસ્થાનું નામ વાત્સલ્યધામ એ તેમનું આનંદધામ બન્યું.

- **જીવંત શિક્ષણનો સહજ વ્યવહાર**

હરિજન કન્યાઓ પ્રથમ તો વાર્તા સાંભળવા આવતી. તે પછી બહેનોનાં ગીતોમાં ભળતી અને છેવટે રાસ-રાસડામાં પણ ભળી ગઈ. આમ તદ્દન સહજતાથી સવર્ણ-અવર્ણ સૌના શિક્ષણની

ભૂમિકા ઊભી થઈ ! શિક્ષણમાં વ્યવહારુ સમજણ, ભાષામાં વિનય અને માધુર્ય, ઉચ્ચારમાં શુદ્ધિ વગેરેને નાટકો દ્વારા શીખવતા. ઉદ્યોગમાં ઘર અને આંગણાની ચોખ્ખાઈ, કરકસરવાળી છતાં સ્વાદુ રસોઈ અને ગાયોની માવજતનું જ્ઞાન પ્રત્યક્ષ તેમને ઘેર ઘેર જઈને આપવામાં આવતું. સ્વચ્છતા, સુઘડતા અને કરકસરનો સંસ્કાર પણ સૌને સહજ સાંપડતો થયો. આમ ઘરઘરનો સંપર્ક સ્નેહવૃદ્ધિનું સાધન બનતો રહ્યો.

- **નઈ તાલીમ અંગે લોકમાગણી**

ગામની દૃષ્ટિએ તોફાની અને તંતીલા અને અમારી દૃષ્ટિએ શક્તિશાળી ને સ્નેહાળ એવા ત્રણચાર કુમારો અમારા પ્રત્યે સ્નેહસભર કામગરો અને કહ્યાગરો વ્યવહાર રાખતા અને અમારું કીધું કામ ઉપાડી લેતા. કારણ કે અમે તેને વાત્સલ્ય આપતા. પરિણામે તેમના વર્તનમાં જે સુંદર પરિવર્તન થતું રહ્યું એ ઘટનાએ ગામના પીઢ અને ઘરડા સૌને આશ્ચર્યમાં નાખી દીધા ! અમે તે સૌને કહ્યું કે આ બધાં નઈ તાલીમનાં સુફળ છે. ગામે તેનો સ્વાદ ચાખ્યો અને ભાવનગર રાજ્યના પ્રથમ જવાબદાર રાજતંત્રના મુખ્ય પ્રધાન બળવંતભાઈ મહેતા પાસે માલપરામાં નઈ તાલીમની પ્રયોગ કરવાની માંગણી મૂકી. રાજ્યે મારા માર્ગદર્શન તળે ગ્રામશિક્ષણ સમિતિનું માર્ગદર્શન સ્વીકાર્યું. શાળાને ઉદ્યોગ શિક્ષક અને ઉદ્યોગનાં સાધનો માટે વાર્ષિક રૂપિયા એક હજારની સહાય આપી અને ગામ સાથે મળતાવડા અને વાતડાહ્યા શિક્ષક પોપટભાઈને માલપરા મૂક્યા. તુલસીદાસજી ખાદીકામ કરતા જ હતા. તેમની અમે ઉદ્યોગ શિક્ષક તરીકે નિમણૂક કરી. આ નિમણૂક રાજ્યે માન્ય રાખી. તેમણે શાળાને વ્યવહારુ સ્વરૂપ આપવા પ્રયત્ન કર્યો અને એક વર્ષમાં બીજાથી ચોથા ધોરણના ૨૦ વિદ્યાર્થીઓ કાંતણ તેમજ પાટીવણાટના કામથી સર્જનનો આનંદ માણતા થયા. કામ વેઠ ન લાગે પણ આનંદ આપે તેટલું જ અને આંનંદાયક રીતે જ કરાવવાનો અમે કાળજીપૂર્વક આગ્રહ રાખ્યો હતો. પેટી રેંટિયાના સૂતરમાંથી રૂમાલ, ટુવાલ કે ખાદી જે કાંઈ બનતું તે અમે વિદ્યાર્થીઓને આપતા એટલે વિદ્યાર્થીઓ હોંશભેર કામ કરતા.

- **ઘરે ઉદ્યોગ – શાળાએ પાઠ**

શાળામાં હાજરી કેમ વધે તેનો વિચાર કરવા અમે ગ્રામસભા રાખી. માબાપ ખેતીના કામે જાય ત્યારે ભાંડરું અને ઘરને સાચવવા રહેવું પડે એટલે ભણવા કેવી રીતે જઈ શકે ? તે મૂંઝવણ હતી. અમે વિચાર કર્યો કે ઉદ્યોગ ઘેર કરે અને પોતાનાં કપડાં પૂરતું કાંતી લે. બપોરના બે કલાક ભણી જાય અને રાત્રે બહેનોની પ્રાર્થનામભામાં હાજર રહે તેને હાજર ગણીએ તો ઘણી કન્યાઓ ભણી શકે. નાનાભાઈ તે વખતે શિક્ષણપ્રધાન હતા. એમણે તે વાત સ્વીકારી. નારણદાસભાઈ ગાંધીએ એક ગાંસડી રૂની ભેટ આપી. ઘેર ઘેર રેંટિયા ચાલતા રહ્યા. બપોરના પાઠ શીખે અને રાત્રી સમૂહપ્રાર્થના અને પ્રવૃત્તિમાં ગાળે. આમ ગોઠવાયું એટલે શાળાની હાજરી ૬૦ પર પહોંચી.

- **પ્રયોગ માટેની શાળા તરીકે સ્વીકાર**

૧૯૫૦માં બળવંતભાઈ શિક્ષણ પ્રધાન બન્યા. ત્રણ વર્ષની શાળાની પ્રગતિ તેમણે જોઈ. એમણે અમને પ્રયોગ માટે શાળા સોંપી. સાતમા વર્ષના અંતે સરકારી શાળાના સાતમા ધોરણ સમકક્ષ વિદ્યાર્થી થવો જોઈએ. ચોથા અને સાતમા ધોરણની પરીક્ષા જિલ્લા કક્ષાના અધિકારી લઈ લેશે. બીજી કોઈ શરત નહીં. વિદ્યાર્થીની વય અનુસાર શ્રેણી, અભ્યાસક્રમ, પરીક્ષા-પદ્ધતિ, પાઠો અને સમય અંગે શાળાને સંપૂર્ણ સ્વાતંત્ર્ય. બીજી શાળાઓને જે કાંઈ સહાય મળતી હોય તે તો અપાય જ ! તે ઉપરાંત સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ રૂ. ૧૫૦૦ની વાર્ષિક સહાય શરૂઆતમાં બે વર્ષ માટે આપવાનું સ્વીકાર્યું. રણછોડદાસજી જેવા શિક્ષક શાળાને મળ્યા. સંગીત, ચિત્ર, વાર્તાકળા અને સાહિત્યની સૂઝ, ઉપરાંત બાળમાનસની દૃષ્ટિવાળા રણછોડભાઈ તેમ જ લાભુભાઈએ કામને આગળ વધારવા બળ આપ્યું. સૌના સહિયારા પ્રયત્ને શાળાનું સ્વરૂપ જ બદલી નાખ્યું. સડકની આસપાસ અને ગોંદરે વૃક્ષ રોપવાનું વિદ્યાર્થીઓએ હોંશે હોંશે સંભાળ્યું. ગ્રામસફાઈ શાળા કરે. ઉકરડાને સ્થાને સુશોભન આવી ગયાં. દીવાલ પર પણ ચિત્રો ચીતરાવા લાગ્યાં. સ્થાનિક સડક બાંધકામનો કોન્ટ્રાક્ટ વિદ્યાર્થીઓએ રાખ્યો. ગામલોકો માટી ખોદી આપે અને વિદ્યાર્થી સડક બાંધે એમ ગોઠવાયું. એમાંથી મળતી રકમનો ઉપયોગ પ્રવાસ પર્યટનમાં કરવાનો શિરસ્તો રહ્યો.

અભ્યાસક્રમના ભાગરૂપે વિદ્યાર્થીઓ પોતે જોડકણાં રચે. પાઠો લખે. વાર્તાઓ કહે-સાંભળે અને નાટકોની રચનાઓય કરે. દર ગુરુવારે ઘેર ઘેરથી સૌ ભાત લાવે અને સમૂહભોજન કરે. રાત્રે ગામના ચોરે મનોરંજન યોજે. ગુરુવાર ક્યારે આવે છે તેની ગામ આખું મેની જેમ વાટ જુએ. વાલી,

વિદ્યાર્થી, શિક્ષક સૌ મળીને કાર્યક્રમ પાર પાડે. આમ વ્યવસ્થિત રીતે જીવનઘડતર માટેની તાલીમનું કામ થતું રહ્યું.

- **ભણો અને કમાઓ**

વિદ્યાર્થીઓ ઘરકામ કરતાં કરતાં કાંતે તેથી જે સૂતર તૈયાર થાય તેની સામે તૈયાર ખાદી મળે તે માટે ભંડાર શરૂ કરવામાં આવ્યો એટલે વિદ્યાર્થીઓને તૈયાર ખાદી મળવા માંડી. પોતાની મહેનતનું ફળ તરત મળવા માંડ્યું તેથી વિશેષ કાંતવા વિદ્યાર્થીઓને પ્રેરણા મળતી રહી.

અવિધિસરના શિક્ષણે પણ ધીરે ધીરે વ્યવસ્થિત સ્વરૂપ લીધું. દિવસે ખેતી કે મજૂરી કરે અને સાંજના સાતથી સવારના સાત વાગ્યા સુધી છાત્રાલયમાં રહેવા આવે. વિદ્યાર્થીઓ છાત્રાલયજીવન ઉત્તમ પ્રકારે જીવે. બે કલાક રાત્રે અને એક એક કલાક સવારે ભણે. ઉનાળાના નવરાશના દિવસોમાં સૌ મળીને પ્રવાસ કરે. પ્રસંગ પડ્યે લાઠી અને ગઢડાની હાઈસ્કૂલમાં વિજ્ઞાનના પ્રયોગો જોવા જાય. ત્યાંના શિક્ષકો પ્રયોગો કરી બતાવે. વિદ્યાર્થીઓ રસપૂર્વક જુએ અને તેના પર ચર્ચા ચાલે અને ખેતી, ઘરકામ અને જીવન વ્યવહારમાં બધે વિજ્ઞાન કેમ દાખલ કરવું તેની વાતો થાય. સાથે સાથે લાંબીટૂંકી દાંડીથી તોલમાપના સંબંધ સમજાવી વજનમાં કેમ છેતરવામાં આવે છે તેનું પ્રત્યક્ષ જ્ઞાન આપવામાં આવે. સંસ્થાની ખેતી પર જમીનની મોજણી કરવામાં આવે જેમાં ત્રિકોણ, સમચોરસ લંબચોરસનો પ્રત્યક્ષ ખ્યાલ અપાય અને એમાંથી ભૂમિતિની ઉપયોગિતા સમજાવી તેના સિદ્ધાંતોનો ખ્યાલ આપવામાં આવે. ખેતીની વીઘા કે એકર દીઠ સરાસરી ઊપજ કાઢવી, ઊપજના ઉત્પાદનભાવ કાઢવા, આ બધી તેમના રસની વાતોથી ગણિત, ભૂમિતિ, નામું વગેરે બધું અમે તેમને સહેલાઈથી સમજાવી શકતા હતા.

શિક્ષક વિદ્યાર્થીના ખેતરે ખેતરે ફરે. વિદ્યાર્થી અને વાલીને કૃષિવિદ્યાની વાતો સમજાવે. દરેક વાલી પ્રયોગ અર્થે એક એક એકરમાં શિક્ષક જે પ્રકારની કહે તે પ્રકારની ખેતી કરે. જમીનના પ્રકાર અને આવશ્યકતા અનુસાર ક્યાંક પહોળા પાટલે તો ક્યાંક ચોકડીથી વાવેતર કરે. ક્યાંક ઢાળવી જમીનમાં ઢાળ ચીરીને તો ક્યાંક સીધા ચાસે વાવેતર કરે. ક્યાંક નવી જાતનાં બિયાંની અજમાયશ કરે તો ક્યાંક છાણિયા અને રાસાયણિક ખાતરની અજમાયશ કરે. આ બધા પ્રયોગો ગામલોકો

રસથી જુએ. આમ એકેક એકરની વૈજ્ઞાનિક પદ્ધતિની ખેતીનાં પરિણામ ચકાસે. કેટલો વિશેષ ઉતારો આવ્યો તેનું તારણ કાઢે. શાળાના વિદ્યાર્થીઓ એમાં મદદ કરે. આમ વિદ્યાર્થીઓ, શિક્ષક શ્રી રણછોડદાસજી રામાનુજ અને કોલકીથી આવેલા કુશળ ખેડૂત સૌના પ્રોત્સાહનથી પિસ્તાળીશ જેટલા ખેડૂતોએ જાતજાતની ખેતી સુધારણા શરૂ કરી. જાણે કે વધારે ઉત્પાદન લેવાની હોડ મંડાણી. ઝવેરભાઈ પટેલના બાબાપુરી બાજરાના પ્રયોગને અપનાવી ખેડૂતોએ ત્રણગણું ઉત્પાદન લીધું. પાણીની ખેંચ વખતે વીરડામાં વાવેતર કરી; પાણી સીધું વીરડામાં આપી ધાર્યું ઉત્પાદન લીધું. આ બધાં સુપરિણામની ચર્ચા ગામના ચોરે થાય અને વધારે ઉત્પાદન લેનારનું ગામ સન્માન કરે. આમ વિદ્યાર્થીઓને જીવંત શિક્ષણ મળતું રહ્યું અને ખેડૂતને પણ જીવંત શિક્ષણ મળતું રહ્યું. આમ માધ્યમિક શિક્ષણમાં અવિધિસર પલોટાતા બાબુલાલ, દેવરાજ અને જેઠાલાલ વગેરે છોકરાઓને દોઢ વર્ષના અભ્યાસક્રમને અંતે નવમી શ્રેણીમાં ગ્રામદક્ષિણામૂર્તિએ સીધો પ્રવેશ આપ્યો તેથી એક વર્ષમાં વિનીત બન્યા. અને એમાંથી ગામમાં જ લોકશાળા ઊભી કરવાની કલ્પનાએ મૂર્ત સ્વરૂપ લીધું.



**વાત્સલ્યધામ**

## વાત્સલ્યધામ લોકશાળાનો પ્રારંભ

ગામ સમસ્ત મળીને નવા કામનો વિચાર કરે એવો અમે રિવાજ રાખ્યો હતો. અમારી સામે સવાલ આવ્યો : જે વિદ્યાર્થી લવાજમ ભરી શકે તેમ હતા તે તો આંબલા ગ્રામદક્ષિણામૂર્તિમાં ભણવા પહોંચી ગયા; પણ જે વિદ્યાર્થીઓ લવાજમનો ખર્ચ કરી શકે તેમ નથી તે સૌના આગળ અભ્યાસ માટે વિમાસણમાં પડ્યા છે. તેમના અભ્યાસ માટે કાંઈ રસ્તો નીકળે ખરો ? ગામે સહવિચારણાથી તે અંગે રસ્તો ખોળવા પ્રયત્ન આદર્યો. તે માટે ગામે અમને જમીન આપી. પ્રથમ વરસે તે જમીન ખેડીને વાવી પણ આપી. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ ખેતીનાં સાધનો માટે સહાય આપી અને લાલજીભાઈએ પોતાની સેવા હોંશપૂર્વક સંસ્થાની ખેતીમાં આપી અને ખેતીને સધ્ધર પાયા પર મૂકી આપી. ગામ ધારે તો લોકશાળા શરૂ કરી શકે તેવા સંજોગો ઊભા થઈ ચૂક્યા હતા.

લોકશાળા શરૂ કરવા માટે ગ્રામદક્ષિણામૂર્તિનું માર્ગદર્શન મળે તેમ હતું જ. આર્થિક ભાર ઉપાડવા ગામ તૈયાર હતું. ખેડૂતોના છોકરા અને બહારગામથી ભણવા આવેલા તેમના ભાણિયાઓ સંસ્થામાં ભણતા જ હતા. તે ઉપરાંત બે-ત્રણ વિદ્યાર્થી મારે ત્યાં અને બેત્રણ વિદ્યાર્થી મહેશભાઈને ત્યાં જમે એમ ગોઠવી નાનાભાઈ તેમજ મનુભાઈને ખબર આપ્યા. એટલે ગ્રામદક્ષિણામૂર્તિએ ખેતીના પાકો લેવા માટે લોન આપી, અને વહીવટ વ્યવસ્થા ગ્રામદક્ષિણામૂર્તિ સંભાળે તેમ ગોઠવણ થઈ. આઠમા ધોરણનો પ્રથમ ફાલ આવ્યો. તે સૌને નાનાભાઈએ પ્રમાણપત્ર આપ્યું. આ પ્રસંગે નાનાભાઈએ માલપરામાં ભાગવત પારાયણ કર્યું અને સપ્તાહભર લોકશિક્ષણનું અણમોલ કામ થતું રહ્યું. તે પછી સરકારેય લોકશાળાને સહાય આપવા માંડી. જરૂરિયાતવાળા વિદ્યાર્થીને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ અને ગ્રામ સુધારણા ફંડ તરફથી શિષ્યવૃત્તિ પણ મળી. આમ વિધિસર "વાત્સલ્યધામ" લોકશાળાનો પ્રારંભ થયો. શરૂ શરૂમાં નવમા ધોરણની અમે જાહેરાત કરી. ત્યારે તો હજી પાલિતાણા હાઈસ્કૂલમાંથી મનુભાઈ શાહ આવી ચડ્યા..કાંઈ સાધન સામગ્રીએ હજી ન મળે પણ ખાદીકામમાં પલોટાય. વિષયશિક્ષણ અને ખેતીવિદ્યા સહજ સાંપડતાં રહ્યાં. મારી સાથે લોકસેવાના કામમાંય ઠીકઠીક સમય રહ્યા અને ગ્રામદક્ષિણામૂર્તિની પરીક્ષામાં યશસ્વી રીતે પસાર થયા. તે પછીના વરસે સાત વિદ્યાર્થીથી નવમું ધોરણ ચલાવ્યું. છ માસ ભૂદાનકામમાં મારી સાથે ગામેગામ ફરે. વર્ગો પણ ત્યાં જ લેવાય અને પ્રત્યક્ષ લોકસંપર્કનો અનુભવ પણ સાંપડે. દસમું ધોરણ સ્થિરતાથી થયું. આ વરસે છ વિદ્યાર્થી હતા. તે વખતે શિક્ષણ, ખેતીકામ વગેરે નિયમિત

ચાલ્યા કર્યું; પણ છએક માસ પછી તો તેમને પ્રત્યક્ષ ગ્રામસેવાની તાલીમ ઉપર અમે વિશેષ ઝોક આપ્યો. ગામ માટે સહકારી ભંડાર, સહકારી મંડળી, ગ્રામપંચાયતના કામ અને ખાદીસ્વાવલંબનના કામમાં તે સૌ ઠીકઠીક યોગદાન આપતા રહ્યા. આ બધા વિદ્યાર્થીઓ ગ્રામદક્ષિણામૂર્તિની પરીક્ષામાં ઉત્તીર્ણ જાહેર થયા. તે પછી તો સરકારી માન્યતા મળી ગઈ હતી અને ‘‘વાત્સલ્યધામ’’નું ટ્રસ્ટ થઈ ચૂક્યું હતું.

**કામનો વિકાસ અને વિસ્તાર** : લોકશાળાના વિકાસમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિનો મુખ્ય ફાળો રહ્યો. શૈક્ષણિક મદદ, માર્ગદર્શન ગ્રામદક્ષિણામૂર્તિનાં સક્રિયપણે મળતાં રહ્યાં. ગુણવંતભાઈ શ્રીધરાણીએ લોકશાળાને આદર્શ બનાવવા પ્રોત્સાહન આપ્યું હતું. ગ્રામજનો અને કાર્યકરોનો શ્રમફાળોય ગણનાપાત્ર રહ્યો. અલ્પ વેતને કામ કરનાર કાર્યકર્તાઓનું યોગદાન પણ જેવું તેવું ન ગણાય. ઠીકઠીક સમય પલોટાયેલા કાર્યકર્તાઓ વિશેષ ને વિશેષ કાર્યભાર સંભાળતા રહ્યા હતા. રણછોડદાસજી અને દેવરાજભાઈ કૃષિવિદ્ થઈને અને આણંદમાં મળેલી નોકરી છોડીને સેવા માટે હાજર થયા. એમ. એ.માં અર્થશાસ્ત્ર લઈ આગળ વધતા મહેશભાઈ વોરા ભૂજની હાઈસ્કૂલમાંથી નિવૃત્તિ લઈને આવી પહોંચ્યા. મગનભાઈ અને જગુભાઈ અને રણછોડભાઈ ખેતી પર નિર્ભર થતાં થતાંય વાત્સલ્યધામના સંચાલનમાં યથાશક્તિ સમય આપતા રહ્યા. પ્રતાપભાઈ ત્રિવેદી સંસ્થાના વાતાવરણથી અને કામના અનુભવથી ઘડાયા હતા. તેથી તેમણે પ્રાથમિકશાળામાં નઈ તાલીમનાં તત્ત્વોને સ્થિર કરવા માંડ્યાં હતાં. આમ સમગ્ર શિક્ષણપ્રવૃત્તિ નિરંતર ફાલીફૂલી રહી હતી. એ દરમિયાન અમે વિદ્યાવિસ્તારની પ્રવૃત્તિ તરફ વળ્યા.

## વિદ્યાવિસ્તાર પ્રવૃત્તિ

અમારી લોકાભિમુખ શિક્ષણ પ્રવૃત્તિ જોઈને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ ''વાત્સલ્યધામ''ને પ્રૌઢ શિક્ષણના કેન્દ્ર તરીકે સહાય આપી, જેમાં અક્ષરજ્ઞાનને અમે સાધન માનેલ. પરંતુ મુખ્ય શિક્ષણ બે પ્રકારે ગોઠવ્યું : એક ''સવોદય સંસ્કાર કેન્દ્ર'' કે જેમાં યુવાન અને પ્રૌઢ ખેડૂત કે ખેતમજૂર પોતાના પ્રશ્નો-સમસ્યાઓ સમજે અને સ્વયં-સંગઠિત બની તેને ઉકેલતાં શીખે, તેમ જ ગ્રામસમાજને એક પરિવાર માની એકબીજાં માટે ઘસાતાં શીખે – ત્યાગ કરતાં શીખે તે જાતના સંસ્કાર પાડવા તે આ કેન્દ્રની મુખ્ય પ્રવૃત્તિ બની રહે. બીજું ''સાંસ્કૃતિક શિક્ષણ કેન્દ્ર'' જેમાં નિર્દોષ આનંદ અભિવ્યક્તિ કરતી સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને જિજ્ઞાસા જાગૃત કરી સુવાચન આપતી શૈક્ષણિક પ્રવૃત્તિ હોય.

- **સર્વોદય સંસ્કારકેન્દ્ર નાગવાડા**

માલપરાથી બે-ત્રણ કિલોમિટર દૂર આંકડિયા, ચોસલા અને સાંજણાવદર વચ્ચે આવેલ ખેતરમાં અમે આ કેન્દ્ર શરૂ કર્યું. કોલકી તરફથી આવેલ રામજીભાઈએ આ કામ માટે એક વર્ષ સેવા આપવા તૈયારી દર્શાવી. રણછોડદાસજી અને દેવરાજભાઈ પણ કૃષિવિદ થયેલા એટલે આ કાર્યમાં સહજ રીતે યોગદાન આપતા થયા. મગનભાઈ અને જગુભાઈ જે પોતાની ખેતી પર આત્મનિર્ભર હતા, તેઓ પણ આ કેન્દ્રમાં સેવા આપતા રહ્યા. પૂજ્ય નાથજીના વ્યવહારશુદ્ધિ પરના શુભ પ્રવચનથી કેન્દ્રનો પ્રારંભ થયો, જેમાં શિક્ષણ લેવા ત્રણ યુવાનો અને ત્રણ પ્રોઢૌ જોડાયા. જેમને ખેતી-વિજ્ઞાન, ખેતીવ્યવસ્થા, ગણોતધારો અને ગણોતિયાની સમસ્યાઓ, સહકારી પ્રવૃત્તિ અને પંચાયતી પ્રવૃત્તિઓ વગેરે અંગે સમજ અને તાલીમ આપવામાં આવતી. અને જમીનદારો તેમજ ગણોતિયા વચ્ચેના પ્રશ્નો નિર્ભયતા અને મક્કમતા દ્વારા, નૈતિક હિંમત દ્વારા બન્નેના હિતને દૃષ્ટિ સમક્ષ રાખી પ્રશ્ન હલ કરવાની પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવતી હતી. સમય જતાં શિક્ષણની ભૂખ ઊઘડી એટલે એમાંથી બે જણ પંચાયત સહકારી પ્રવૃત્તિના વર્ગો ભરી એ દિશામાં આગળ વધ્યા અને એક લોકભારતીના સ્નાતક થયા. આ ત્રણે યુવાનોએ પોતાની સૂઝ-સમજ પ્રમાણે પોતાની ગામની પ્રવૃત્તિમાં સક્રિયતા બતાવી અને વખત જતાં આગેવાની પણ લીધી. પરિણામે તે વિસ્તારની સાતસો વીઘા જમીન રંજાડના હિસાબે ખેડાયા વગરની બગડતી હતી, તેના પર સુંદર

ખેતી થવા લાગી અને ઢોર ચરાવનાર ચારણભાઈઓ પણ ખેતી કરી સંપન્ન થવા પ્રયત્નશીલ બન્યા.

- **સર્વોદય સંસ્કાર કેન્દ્ર માલપરા**

આ કેળવણીની કિંમત લોકહૈયે વસી. માલપરામાં આ માટે જમીન મળી એટલે આ પ્રવૃત્તિ અંગે વિશેષ અનુકૂળતા ઊભી થઈ. અને તે પછી આ કેન્દ્ર યુવાપ્રવૃત્તિનું એક અસરકારક કેન્દ્ર બન્યું. અહીં શરૂ થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિ દ્વારા ભાવાત્મક ઐક્ય કેળવવા સાને ગુરુજીનું 'ક્રાન્તિ' નાટક ભજવાયું, જેમાં કોઈ ને કોઈ સ્વરૂપે એકાવન યુવકોએ ભાગ લીધો હતો. આસપાસના ગ્રામયુવકોના રમતોત્સવો પણ આ કેન્દ્ર દ્વારા ગોઠવાતા રહ્યા. આસપાસની શાળાઓમાં કામ કરતા શિક્ષકો સાથે પારિવારિક સંબંધો આ કેન્દ્રની પ્રવૃત્તિ મારફતે ઊભા થયા. એ રીતે આસપાસની શાળાઓમાં પણ શિક્ષણસ્તર સુધારણાનું કામ સહજ રીતે ચાલતું રહ્યું.

- **ગ્રામોદય કેન્દ્ર ભંડારિયા**

ભંડારિયાના મીઠાભાઈ પસાયતા સર્વોદય કેન્દ્રમાં તાલીમ લઈ ગયેલા. તેમના જીવનમાં પરિવર્તન આવ્યું હતું. વ્યક્તિસ્વાર્થને બદલે સમષ્ઠિ-હિતની વાત તેમના હૈયે વસતી જતી હતી. એટલે સમાજના પ્રશ્નો હલ કરવામાં પોતે તો સક્રિય બન્યા જ હતા; પરંતુ ગ્રામ-આગેવાનોને પણ યથાશક્તિ સક્રિય બનાવ્યા હતા. સંસ્થાના કાયકર્તાઓએ તેમને નૈતિક સમર્થન આપી દોરવણી આપી તેથી કાળક્રમે લોકશક્તિથી સમાજના પ્રશ્નો હલ કરવાની ભૂમિકા ઊભી થતી જતી હતી. ગામમાં શાળા પણ નહોતી એટલે શાળા પણ મળી. ગોવિંદરામભાઈ અને શિલ્પીભાઈએ પ્રૌઢશિક્ષણ કાર્ય કર્યું અને જગુભાઈ તેમ જ સસ્વતીબહેને ગ્રામોદય કેન્દ્ર દ્વારા સમગ્ર ગામની પ્રવૃત્તિનું ગ્રામવિકાસની દૃષ્ટિએ સંયોજન કર્યું. તેમના દ્વારા ભૂમિદાન કાર્ય પણ થયું અને રજપૂત યુવાનોને ગ્રામઘડતરકાર્યમાં આગળ આવવાનો મોકો મળ્યો. અને વાઘરી પરિવારને ટૂંકી જમીનમાં શાકભાજીના પાકોની ખેતી દ્વારા ઊંચું ઉત્પાદન લઈ સ્વમાનપૂર્વક જીવવાનો અવસર આમાંથી સાંપડ્યો. સમગ્ર ગ્રામજીવનમાં એક સામાજિક જાગૃતિ કેળવવાની ભૂમિકા પણ સાંપડી.

- **સંસ્કાર કેન્દ્ર ખીજડિયા**

લોકશિબિરો અને રાત્રિશિક્ષણથી ખીજડિયામાં સુંદર વાતાવરણ સર્જાયું હતું. વાઘજીભાઈ અને અમૃતલાલ શેઠે આ પ્રવૃત્તિમાં સક્રિય રસ બતાવ્યો. અમૃતલાલભાઈએ તો પોતાનું ૫૬ વીઘા નાગવાડા નામનું ખેતર પણ આ પ્રવૃત્તિ માટે દાનમાં આપ્યું હતું. ચકુભાઈ ચારણ અને તેમના કાકાએ ૨૫ વીઘા જમીનની ભેટ ધરી. પોતાની સારી એવી જમીન અર્પણ કરીને લાલજીભાઈએ પોતાના પરિવારથી દાનત્યાગનો આરંભ કરી સર્વોદયના સંસ્કારને સક્રિય અને સજીવ બનાવ્યો.

- **સાંસ્કૃતિક કેન્દ્ર માંડવા**

માંડવાના ગ્રામ આગેવાનોનો સંસ્થા પ્રત્યેનો આદરભાવ અને સહયોગ સાંપડતાં જેરામભાઈ અને અંબાબહેને વૈદકીય પ્રવૃત્તિ દ્વારા સેવા કરી; ધનજીભાઈ અને તેમનાં પત્નીએ સુંદર પ્રૌઢશિક્ષણકાર્ય ચલાવ્યું. ભાનુભાઈ અને શારદાબહેને શાળાની શિક્ષણપ્રવૃત્તિને સુવ્યવસ્થિત બનાવી અને મોહનભાઈએ લોકભારતીમાં સ્નાતક થઈને ગામની પંચાયત તેમ જ સહકારી પ્રવૃત્તિમાં ગણનાપાત્ર કામ કરી સંસ્થાના સમગ્ર સેવાકાર્યમાં સાતત્યપૂર્ણ સહયોગ આપ્યો.



## સંસ્કારી શ્રમજીવી નેતાગીરી

આ વિસ્તારમાં મગનભાઈ જોષી ગુંદાળામાં, લક્ષ્મણભાઈ પટેલ પાટણામાં અને હીરજીભાઈ ચોસલામાં તેમજ માલપરામાં ખેતી અને અન્ય વ્યવસાયમાં પડેલા ગ્રામદક્ષિણામૂર્તિ તેમજ લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સંસ્કારી શ્રમજીવી સમાજને નેતાગીરી આપવા માંડી છે. તેમજ તેઓ પંચાયત, સહકારી પ્રવૃત્તિ અને ગ્રામનવરચનાનાં અનેકવિધ કાર્યોમાં આગળ આવીને સેવા આપી રહ્યા છે. અને સામાજિક અને આર્થિક રીતે કચડાયેલા ગ્રામજનોમાં નૈતિક હિંમત દ્વારા સહકાર અને માધૂર્ય કેળવીને સત્વશીલ અને પ્રેમપરાયણ જીવન માટે આગવી ભૂમિકા પૂરી પાડી રહ્યા છે. અને ગામડાંઓના પ્રશ્નોને વાજબી વાણી આપવા માટે સમૂહ નેતાગીરી પણ પૂરી પાડી રહ્યા છે તથા પ્રશ્નોના સમજભર્યા નિરસન માટે રચનાત્મક અને ન્યાયયુક્ત સક્રિયતા દાખવી નવી સમાજરચનાનાં સ્વપ્નાં સાકાર કરવા નિરંતર યત્નશીલ રહ્યા છે.

- **વ્યાપક પાયા પરનું લોકશિક્ષણ**

સંત વિનોબાજીએ ભૂમિદાન કાર્ય દ્વારા સર્વોદય સમાજનું ચિત્ર ઉપસાવ્યું હતું અને સારાયે ભારતમાં નવચેતના જાગૃત કરી હતી. તે અરસામાં મુનિશ્રી સંતબાલાજી આ સંદેશો લઈને સૌરાષ્ટ્રમાં ફરતા હતા. અમે એમના ભૂદાન સંકલ્પની પૂર્તિ માટે એમની સાથે પ્રસંગ પડ્યે ઘૂમતા રહ્યા. બોધ ગયા સંમેલનમાં તો માલપરાના પંદરેક ખેડૂતો હાજર રહ્યા હતા. જયપ્રકાશજીએ ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાન્તિ માટે જીવન સમર્પણ કરવાનો સંકલ્પ કર્યો હતો. એ જીવનદાનીને સંબોધતા વિનોબાજીના ભાવમય સંબોધનથી હું દીક્ષિત બન્યો.

મારે મન ભૂદાન એટલે કેવળ જમીનનું દાન જ નહીં, પણ જમીનના સમ્યક્ સંવિભાગ સામે ખેડૂત અને ખેતીનું નિરાકરણ કરતી, સમગ્ર સમસ્યાનું નિરાકરણ કરતી સંવિભાગની સામૂહિક પ્રક્રિયા હતી. એ જ રીતે ગ્રામોદ્યોગ એટલે ગ્રામ-અર્થકારણને પુષ્ટિ આપતા હાથ ઉદ્યોગો, ઉપરાંત સહકારી ધોરણે કે ગ્રામટ્રસ્ટના ધોરણે ચાલતા નાના યંત્ર ઉદ્યોગો મળીને આસમાની સુલતાની વખતે વીમારૂપ અને જમીનના કાયમી ભારણને હળવા કરતા ઉદ્યોગોની ગ્રામટ્રસ્ટની અર્થરચના હતી. અને અહિંસક ક્રાન્તિ એ તો ગામડાએ વેઠવી પડતી સ્થાપિત હિતો દ્વારા અજ્ઞાન-વહેમ પર નભતાં પરિબળો તથા જ્ઞાતિ, કોમ ને ધર્મના સંકુચિત વાડા અને રાજકીય પક્ષાપક્ષીએ ઊભા કરેલા

અન્યાયી, અનૈતિક, અમાનવીય સમસ્યાને પલટાવવા માટેની શાંતક્રાંતિ, શૈક્ષણિક શૈલી હતી. ખરા અર્થની આ નઈ તાલીમ હતી. આ સમગ્ર જીવનની પુનર્રચનાનો તેમાં ભારે મોટો અવકાશ હતો. કૌટુંબિક કે વાત્સલ્યસભર પારિવારિક ભાવના પર અહિંસક સમાજનાં ઘટકો નિર્માણ કરવાનું એમાં સામર્થ્ય હતું. અને ભૂદાન સાથે જ અહિંસક ક્રાન્તિને જોડીએ તો જ સામૂહિક તેજ કે પરાક્રમ પ્રગટ થવાનો અવકાશ ઊભો થઈ શકે – એટલે એક બાજુથી ખાદી ગ્રામોદ્યોગમાં સઘનક્ષેત્ર દ્વારા પ્રયોગો આરંભવાનો પ્રયાસ કર્યો અને બીજી બાજુથી ભૂદાન કાર્ય દ્વારા ગામડાને વેઠવી પડતી મૂંઝવણના અહિંસક માર્ગની શોધ ચાલુ કરી.

ભૂમિદાનનો આરંભ કર્યો માલપરાથી. પાંચેક કુટુંબ પાસે ૩૨ એકર આસપાસ જમીન હતી. એમણે હોંશે હોંશે છઠ્ઠો ભાગ આપ્યો. ટૂંકી જમીનવાળાએ દસમો કે ચૌદમો ભાગ આપ્યો. સૌએ કાંઈક ને કાંઈક હિસ્સો આપ્યો. ભરવાડોની ગોપાલક સહકારી મંડળી રચી, તેમને ઉત્તમ જમીન અપાવી. જમીન, ઉત્પાદન, પાકસંરક્ષણ અને ભાવનીતિ સાથે સહકારી પ્રવૃત્તિ દ્વારા સંબંધ જોડાયો. કોળી અને હરિજન ભાઈઓએ થોડા વખતમાં ખેતીની કળા શીખી લીધી અને ઉત્પાદનવૃદ્ધિમાં પોતાની આગવી શક્તિ બતાવી. ટૂંકી જમીનવાળાને ખાદીકામ, ગોપાલન અને અન્ય ગ્રામવિકાસનાં કામ આપીને એક પણ પરિવારને માસિક સો રૂપિયાથી ઓછી આવક ન રહે તે રીતે ગ્રામસભાએ વિચાર્યું.

ભંડારિયામાં પણ છઠ્ઠો, દસમો અને ચૌદમો ભાગ જમીન આપનારા દાતાઓ મળ્યા. આ અરસામાં ધીરેનભાઈ મજમુદાર પાસેથી પ્રેરણા મેળવનાર જશુભાઈ અને સસ્વતીબહેને ભંડારિયાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી ગાંધીઘર મારફતે શિક્ષણ, સંસ્કાર અને પારિવારિક ભાવના વિકસાવવાનું બીડું ઝડપ્યું હતું અને ત્યાંના યુવાન મિત્રો તેમજ વિદ્યાર્થીઓના સાથ-સહકારથી પછાત ગણાતા નાડોદા રજપૂતોને તેમણે સંસ્કારી સમાજમાં આગલી હરોળમાં લાવી શકાય તેવા તૈયાર કરવા માંડ્યા. ત્યાંના મીઠાભાઈની મહોબતભરી માવજતથી સમગ્ર ગ્રામશક્તિ ને ભક્તિ કોળી ઊઠયાં. અને વાઘરી, હરિજન, કુંભાર, વાળંદ વગેરે પરસ્પરના સહકારથી પગભર બનવા લાગ્યા.

ખીજડિયામાં શ્રદ્ધાપૂર્વક છઠ્ઠો ભાગ જમીન આપનારા મળી આવ્યા. ત્યાં બેંકની સહાય વિના ગ્રામભંડોળથી જ જરૂરિયાતવાળાને ધિરાણ કરવા લોકસહકારથી વ્યવસ્થા ઊભી થઈ ગઈ.

સાંજણાવદરમાં ભૂમિદાન આપનારા ઘણા મળ્યા. અને ગ્રામદાનની શક્યતા પણ લાગી; પરંતુ સમગ્ર ગામની સામાજિક અને આર્થિક નવરચનાના કામમાં ખૂંપી જાય તેવા લોકહિત દૃષ્ટિવાળા સેવક મળે તો જ ગ્રામદાન લેવું તેમ નક્કી કરી તત્કાળ તો છઠ્ઠા ભાગનું ભૂમિદાન સ્વીકારી સંતોષ માન્યો.

અણીડામાં ઘણા ખેડૂત છઠ્ઠો ભાગ ભૂમિ આપવા તૈયાર થયા પણ કોઈએ સંશય જગાવ્યો કે વિનોબાજી પોતે ભૂમિદાન લેવા આવે છે ? તેઓ પોતે જ દાન સ્વીકારે તો જ સુપાત્રને દાન પહોંચે; છતાં એક ખેડૂતે દાનપત્ર ભર્યું પરંતુ તેનાં પત્નીએ કહ્યું કે અમારે જમીન થોડી છે એટલે તો મારા ચાર છોકરા અમદાવાદ મિલમાં નિચોવાય છે. તેમની વાત તો સાચી હતી. એટલે છઠ્ઠા ભાગને બદલે ઓછી જમીન સ્વીકારી; પરંતુ તે પછી અમે એવો નિયમ રાખ્યો કે પતિપત્ની સહમત થઈ જેમ યજ્ઞમાં કે સત્યનારાયણની કથામાં સાથે સંકલ્પ કરે તેવું જ ભૂમિદાન સ્વીકારવાનો શિરસ્તો રાખ્યો. કેટલીક જગાએ દાતા દાન આપે તેની સાથે દાન સ્વીકારે ત્યારે ચાંદલો કરી રૂપિયો અને શ્રીફળ આપતા.

ઢસામાં એક બહેને એક અંધ રજપૂતને ભૂદાન આપી પાંચ વર્ષ તેની ખેતી કરી આપી અને તેના છોકરાનેય ખેતી શીખવી ધન્યતા અનુભવી.

લાઠી અને અમરેલી વિસ્તારનાં કેટલાંક ગામડાંઓમાં પણ ભૂમિદાન માટે પદયાત્રા કરેલ. સૌરાષ્ટ્ર-ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ પ્રસંગોપાત ભૂદાનયાત્રામાં ઘૂમતો રહ્યો. પણ પછી વિશેષે કરીને લાઠી, ગઢડા અને વલભીપુર વિસ્તારને ભૂદાન સાથે ગ્રામ સમસ્યાના નિરાકરણ માટે કાર્યક્ષેત્ર બનાવી હું કાર્યરત રહેલો.

## અહિંસક પ્રતિકારનો અનેરો પ્રયોગ

લાઠી તાલુકાના એક ગામે અમને ભૂમિદાન તો મળ્યું પણ ગામને એક વાતની હેરાનગતિ હતી. ગામનો એક જુવાન ભરવાડ સીમમાં બહેનોને રંજાડે, પજવે અને શીલભ્રષ્ટ કરે. ગામ આખું દબાઈ ગયું. કોઈ કાંઈ કરી ન શકે. ગામ-આગેવાન સુખી અને રાજ્યમાં જેનું ઊપજે એવા હતા. એમની સાથે વાત થઈ તો કહે કે અમારે ચાર ભાઈ વચ્ચે ૪૦૦ વિઘા જમીન એટલે રાતવરત સીમસીમાડે કામ કરવું એટલે આવાં તત્વો સાથે બગાડવું ન પોસાય ! લોકોની લાચારી મને એટલી કઠી કે રાત્રે જાહેરસભામાં કહ્યું : ‘‘તમે જો તમારા પરિવારની સ્ત્રી-જનનાં શીલ ન રક્ષી શકતા હો તેવા કાયર બની ગયા હો તો બહેતર છે  – હિંસક તો હિંસક સામનો કરીને બહેનોનાં શીલની રક્ષા કરો. હું ઠેઠ સુધી કાયદેસરની લડતમાં સાથે છું. ભરી સભામાં હું તમને આ સલાહ આપું છું. પોલીસ પણ આ વાતની નોંધ લે.’’ આ પછી મોડી રાત્રે ભરવાડવાસમાં સૌ ભરવાડો ભેગા થયા. હું ભાવનગર જિલ્લા ગોપાલક સહકારી સંઘનો ઉપપ્રમુખ અને ગોપાલકોનો સલાહકાર બન્યો હતો. એથી બધા પરિચિત હતા. એટલે મને એકલાને જ બોલાવવા આવ્યા. ખેડૂતો જવાની ના કહે. મને ગોપાલકોમાં પૂરો વિશ્વાસ હતો. હું રાત્રે તેમને મળવા ગયો. તે જુવાને પેટ ખોલીને વાત કરી કે ‘‘મેં કોઈને કનડી નથી પણ આ રૂપ સૌને કનડે છે.’’ જુવાન ખરેખર રૂપાળો, દેખાવડો અને તેનું પૌરુષ આકર્ષક હતું. ચોખ્ખાં ચટ કપડાં, નમણી કાયા અને મોહક આંખો જોતાં તેની વાતમાં કાંઈક તથ્ય હોય તેમ લાગ્યું. આમ છતાં તેની શિરજોરી એટલી હતી કે એક વાર તેના રૂપમાં ફસાયુ તે પછી તે વ્યક્તિ અને તેના કુટુંબને દબાયેલ રહેવું પડે. અને વાત ઉઘાડી પડવાની બીકે શિરજોરી સાંખે. કોઈ કોર્ટકચેરીમાં ન જાય. એટલું જ નહીં એને નીરણપૂળો પણ દબાઈને આપે. ભરવાડોએ તેને સમજાવ્યો કે ‘‘માટલિયાભાઈ આપણા સલાહકાર બન્યા છે. તેથી તે તો આપણા સમાજનું નાક ગણાય. અને તારા કામથી સમાજનું નાક વઢાય અને ભરવાડ સમાજ નકટો અને નગણો ગણાય.’’ જુવાને કહ્યું, તો મારે શું કરવું ? છેવટે છ મહિના એ વિસ્તારનો ત્યાગ કરવાની વાત હું તેમને સમજાવી શક્યો. તેણે છ મહિના એ વિસ્તાર સ્વેચ્છાએ છોડ્યો. ભરવાડ સમાજે પણ તકેદારી રાખી. તેને જ્યાં જવું હતું ત્યાં સગવડ કરી આપી. આમ લોકસહકારથી સમસ્યાનું નિરસન અહિંસક માર્ગે થતું રહે અને સામુદાયિક અને શાંત તાકાત જ આવા પ્રશ્નોમાં કારગત નીવડે તે વાતની સૌને પ્રતીતિ થઈ.

## ગ્રામ સ્વરાજ્યની પાત્રતા કેળવીએ.

સ્વરાજ્ય આવ્યું છે; પરંતુ ગ્રામસ્વરાજ્ય લાવવાનું બાકી છે. અને ગામડાંઓમાં ઊભા થતા પ્રશ્નો વિષે સામુદાયિક સભાનતા અને જવાબદારી કેળવાય તો જ ગ્રામસ્વરાજ્યની નક્કર ભૂમિકા ઊભી થઈ શકે. વલ્લભીપુર તાલુકાના એક ગામમાં એક બાઈનું ખૂન થયું. પૈસા લઈને ખૂનીએ ખૂન કર્યું હતું અને ખૂનીને છાવરવામાં આવતો હતો. તેથી ન્યાય નહીં મળે તેવી બાઈના કુટુંબીઓને પૂરી દહેશત હતી. અમે તે વાતમાં ઊંડો રસ લીધો. એટલે એ ગામની પડખેના ગામે ચારણ ભાઈઓને મળ્યા. એનો એક માણસ નબળાં તત્ત્વો અને પોલીસ વચ્ચેની કડી હોવાથી ફરતાં ગામને દબાવે, બંદૂક બતાવે અને નાનામોટા ગુનામાં આવેલાને ફસાવી પૈસા પડાવે અને ગામનો આગેવાન બનીને ફરે. એક બાજુથી પોલીસનું બળ અને બીજી બાજુ તેમનો ડર. રાત્રે સભા થઈ. ભૂમિદાનની વાત થઈ. પણ મેં ક્હયું કે સાચું ભૂમિદાન તો જ ઊગે જો ડર ન હોય, સત્વશુદ્ધિ હોય. જે ગામમાં જાકુબના ધંધા થાય અને ગામ તેવાં તત્ત્વોને નભાવે તે ભૂમિદાન કરે તોય અહિંસક ક્રાન્તિ કે ગ્રામસ્વરાજ્ય લાવવાની પાત્રતા કેવી રીતે મેળવે ! મેં જે જે વાતો સાંભળી હતી તે તે વાતો સભામાં કહી અને આવાં તત્વોનાં સંબંધશેહમાંથી નીડરતાપૂર્વક નીકળી જવાની અપીલ કરી. મેં એ માણસનું નામ નહોતું આપ્યું, છતાં એણે પ્રતિષ્ઠાનો કેઈસ માંડવા ધમકી આપી. એટલે ગામના કેટલાક આગેવાનો વાટાઘાટ કરવા આવ્યા. પણ મેં કહ્યું કે ભલે કેસ માંડે, બીજે દિવસે પણ સભા ભરી અને ભરી સભામાં કહ્યું કે તેને કેઈસ માંડવો હોય તો ભલે માંડે, જેને રામ રાખે તેને કોઈ મારી નહીં શકે. હું તો ખુલ્લી લોકઅદાલતમાં બધી વિગતો રજૂ કરવા માગું છું અને રાતે જેમ ખેડૂતો એના ખુલ્લા ખેતરમાં સૂવે છે તેમ, હું આ ગામના ખુલ્લા ચોકમાં સૂવાનો છું. મારા આશ્ચર્ય વચ્ચે રાત્રે એ અને એના સાગરીતો મળવા આવ્યા. મેં ક્હ્યું, હું તો શાંતિ અને નિર્ભયતા જ ઇચ્છું છું. માટે તમે જ ગામમાં શાંતિસમિતિ બનાવી ગામને નિર્ભય બનાવો – તેવી સલાહ આપી. બીજે દિવસે પોલીસ ઇન્સ્પેક્ટરને રૂબરૂ મળવા ગયો. એકાંતે ફરવા ગયા ત્યારે તેના અમુક અધિકારીએ આ માણસ મારફતે રૂપિયા ૮૦૦ તેમના નામે લીધા છે અને ખૂન છાવરવામાં આવે છે તેવી માહિતી આપી ત્યારે એમણે કહ્યું કે હું પૈસા તો લેતો હોઉં છું પણ બ્રાહ્મણનો પુત્ર છું એટલે સ્ત્રીહત્યા, ગર્ભહત્યા અને ગોહત્યા એવી હત્યામાં નથી લેતો; પણ આ કેઈસમાં સ્ત્રીહત્યા માટે લેવાયા હશે તો તે તરત પાછા મોકલી આપીશ. તે પછી રકમ ગામની શાંતિ સમિતિ પાસે આવી ગઈ. તેની અસર

પેલા માથાભારે માણસ પર એવી થઈ કે એનો મોરો જ મોરાઈ ગયો. તે દિવસથી એની ધાક ઓસરવા માંડી અને ગામમાં શાંતિ થઈ.અમારી ભૂદાનયાત્રા દરમિયાન આવા તો કૈંક પ્રસંગો બન્યા તે વર્ણવવા અહીં અપ્રસ્તુત છે તેથી છોડી દઉં છું; પરંતુ ભરવાડો અને રબારીના ભેલાણથી ઊભા થતા ઝઘડા, અંદરોઅંદરના કલેશ, માથાભારે તત્ત્વોથી ઊભો થતો ભય અને લાંચરુશ્વતના પ્રશ્નો અમે રાજ્યની મદદ વિના ઘરમેળે માત્ર ત્યાંની સ્થાનિક લોકશક્તિ દ્વારા પતાવતા. એક તળાટીએ, તેના પર વિધવા ભાભીના કુટુંબનો ભાર આવી ગયો પરિણામે તેણે લાંચ લીધી એની ખબર પડી એટલે અમે તેને સમજાવીને ગ્રામસભા વચ્ચે પાછી અપાવવાનું ઠરાવી તેનાં ભાભીને અધ્યાપન મંદિરમાં તાલીમ અપાવી, આત્મનિર્ભર બનવાની ભૂમિકા ઊભી કરી આપી. એક મામલતદારે ફૂવાદીઠ સર્ટિફિકેટ આપવાના સો સો રૂપિયા લીધેલા. અમે તેમને મળ્યા. તેમણે જલદી પહોંચવાનું હોવાથી ટેકસી કરીને આવ્યા છે તેમ કહ્યું તો અમે હિસાબ કરીને ફૂવાદીઠ રૂ. ૮૦ પાછા આપવા સમજાવ્યા અને તેમણે તે પાછા આપ્યા. એક વિકાસ અધિકારીએ તેમના હાથ નીચેના અધિકારીએ લીધેલી લાંચ માટે ગ્રામસભા સમક્ષ માફી માંગી અને દિલગીરી વ્યક્ત કરી રકમ પાછી આપી. આમ અમારી ભૂદાનયાત્રા દ્વારા ગામડાની નૈતિક હિંમત જાગૃત થતી જોવા મળતી હતી અને એ રીતે અહિંસક ક્રાન્તિ માટેની અસરકારક ભૂમિકા સર્જાયે જતી હતી. અમને ખાતરી થઈ છે કે આ માર્ગે જ ગ્રામસ્વરાજ માટેની લોકતાકાત ઊભી થશે. આમ અમે લોકશિક્ષણના આ વિશાળ ફલકને કાયમી કરવાના હેતુથી સંતબાલાજી મહારાજની દોરવણીથી ગ્રામપુનર્રચના મંડળની સ્થાપના કરી, લોકસ્વરાજ્યના માર્ગે આગળ ધપતા રહ્યા.

